# VIVEKOTSAV

*Inculcating The Spirit Of Vivekananda*

# સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે
# ૫૧ મી આંતરશાળા વક્તૃત્વ સ્પર્ધા - ૨૦૨૫

## ગુજરાતી


**RAMAKRISHNA MATH**

**&**

**RAMAKRISHNA MISSION**

Swami Vivekananda Chowk, 12th Road, Khar (W), Mumbai - 400052
Tel.: 022-6181 8000 / 6181 8002
Email : vivekotsavrkm@gmail.com Website : www.mumbairkm.org

ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૧. નરેનનું અનૌપચારિક શિક્ષણ

બાળકના શિક્ષણની શરૂઆત માના ખોળામાંથી જ થાય છે. નરેન્દ્રનાથની માતા ભુવનેશ્વરીદેવી પોતાના બાળકને ભણાવવા અતિશય આતુર હતાં. માના ખોળામાં રમતાં રમતાં જ નરેન્દ્રનાથને ભારતના દેવીદેવતાઓના મહિમા વિશે, ભારતના મહાન સાધુસંતો વિશે પરિચય મળતો ગયો. એમના દાદા દુર્ગાપ્રસાદ સંન્યાસી હતા. એમના જેવા અનેક પૂર્વજો વિશે પણ તેને જાણવા મળ્યું. મા પાસેથી પહેલીવાર રામાયણ અને મહાભારતની કથાઓ સાંભળી. એમના દત્તકુટુંબમાં દરરોજ બપોરે રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યો વંચાતાં. કોઈકવાર માતા ભુવનેશ્વરીદેવી તો કોઈવાર ઘરની અન્ય કોઈ વડીલ સ્ત્રી મોટેથી સૌ સાંભળે એમ વાંચતી; ઘરકામમાંથી પરવારી કુટુંબની મહિલાઓ એમની આસપાસ સાંભળવા બેસી જતી. નાનકડો નરેન્દ્રનાથ પણ પોતાની માતાના ખોળામાં શાંતિથી બેસી ખૂબ ધ્યાન દઈ બોધકથાઓ સાંભળતો. નાનપણમાં સાંભળેલી પૌરાણિક વાર્તાઓએ તેમના મન પર ક્યારેય ન ભૂસાય એવી સચોટ છાપ પાડી.

નરેનને પોતાના નાની અને પરનાની પાસેથી પણ ઘણું શીખવા મળ્યું. એમના નાના ભાઈ મહેન્દ્રનાથે એક જગ્યાએ લખ્યું છે કે, એમના નાનીના માતા વૈષ્ણવ હતાં. રામાયણ મહાભારતની અનેક કથાઓ, ઉપરાંત ભાગવત કથાઓ અને વૈષ્ણવ કથાસાગર ની વાર્તાઓથી તેઓ સારી રીતે પરિચિત હતાં. નરેનને અનેક ભાગવતકથાઓ કહેતાં. આગળ જતાં, પાશ્ચાત્ય શ્રોતાઓ સામે સ્વામી વિવેકાનંદ જે નાની નાની સરસ બોધ કથાઓ કહેતા, એમાંની મોટાભાગની તેમણે આ બન્ને વડીલ સ્ત્રીઓ પાસેથી જ સાંભળી હતી.

રસ્તા પરથી ગીત ગાતાં ગાતાં જતા આવતા ભિક્ષુક ગાયકોએ પણ નરેનના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો. એક જ ટોળીના સભ્યો હોય એમ આ ગાયકો

આવતા. વખાના માર્યા હોવા છતાં હમેશાં આનંદથી ગાઈ સૌને મંત્રમુગ્ધ કરી દેતાં. કોઈકોઈ પોતાની સાથે જગદંબા માતાજીની મૂર્તિ લઈને આવતાં, તો કોઈ પોતાના દીકરાને શ્રીકૃષ્ણના જેવો વેશ સજાવીને લાવતાં. હાથમાં રહેલા નાના વાદ્ય પર પિતા થાપ મારતો મારતો ઘેરા સૂરમાં ગાતો. સાથે સાથે નૃત્ય કરનાર તેના બાળકના ચાંદીના ઝાંઝર છમછમ વાગે. પોતાના ગીતોમાં ભાગવતકથાઓ, ક્યારેક વળી ઈશ્વરભક્તિ વણી લઈ તેઓ આનંદથી ગાતાં ગાતાં ઘરેઘરે ફરતાં. આમ તો તેઓ ભિખારી હતાં, પણ એટલી તલ્લીનતાથી તેઓ ગીતો ગાતાં કે એમને સાંભળનારાઓનું મન જાણે કોઈ આધ્યાત્મિક આનંદથી ભરાઈ જતું. નરેનના આંગણામાં પણ આવા ભિક્ષુકો ઘણીવાર આવતા. પોતાના લાડકા દીકરાની કેળવણી ખાતર નરેનના માતા એમને આવકારતાં. તેઓ બરાબર જાણતાં હતાં કે એક સાચા અને સારા માનવી બનવા માટે આ ગીતોમાંથી બાળકને મળતા ભારતીય સંસ્કૃતિની પરંપરાના સંસ્કારો ખૂબ મહત્ત્વના છે.

પરંતુ શાળા એટલે બધાજ પ્રકારના સાથી-સંગાથીઓ મળે તેવું સ્થાન. નરેન શાળામાં જવા લાગ્યો એના થોડા દિવસોમાં જ ત્યાં ભણતાં વિદ્યાર્થીઓની ખોટી રીતભાત શીખી ગયો. કુટુંબના વડીલો ચેતી ગયા. નરેનને શાળામાંથી ઉઠાડી લેવામાં આવ્યો. એક ખાનગી શિક્ષક રાખવામાં આવ્યા. તેઓ પૂજાઘરમાં નરેનને, કુટુંબના પિતરાઈઓને તથા પડોશનાં બીજા કેટલાંક બાળકોને ભણાવવા લાગ્યા.

નરેનની અદ્‌ભુત પ્રતિભા, કુશાગ્ર બુદ્ધિ તરફ શિક્ષકનું ધ્યાન થોડા વખતમાં જ ગયું. બીજા બાળકો હજી તો કક્કો ઘૂંટવામાં ગોથાં ખાતાં હતાં ત્યારે નરેન લખતાં-વાંચતાં પણ શીખી ગયો. એની યાદશક્તિ અદ્‌ભુત હતી. નરેન જ્યારે વર્ગમાં શીખવા બેસતો ત્યારે આંખો મીંચી, સ્થિર થઈ બેસે કે પછી અડધું અંગ લંબાવી લગભગ સૂતા સૂતા સાંભળે. નરેનની આ ટેવથી એના ખાનગી શિક્ષક ખૂબ અકળાતા. એક વખત નારાજ થઈને શિક્ષકે નરેનને પકડીને ખૂબજ તિરસ્કારથી ઢંઢોળીને એની આ દેખાતી નિદ્રાવસ્થામાંથી જગાડવાનો પ્રયત્ન કર્યો. નરેનનું અભિમાન ઘવાયું. એણે આશ્ચર્યથી આંખો ખોલી. શિક્ષકે આપેલા ઠપકાના શબ્દો શાંતિથી સાંભળી લીધા અને પછી જવાબમાં વર્ગમાં શીખવવામાં આવેલ પાઠના અક્ષરે અક્ષર કડકડાટ કહી સંભળાવ્યા. પોતાની લાંબી કારકિર્દીમાં શિક્ષક આવી અદ્‌ભુત યાદશક્તિવાળા કોઈ વિદ્યાર્થીના પરિચયમાં આવ્યા ન હતા એટલે આ ઘટના પછી નરેન પ્રત્યે શિક્ષકને હમેશાં વિશેષ આદરભાવ રહયો.

ઘરશાળામાં નરેનનો આ રીતે અભ્યાસ શરૂ થયો. જો કે પોતાનાં માતા પિતા પાસેથી મળતું શિક્ષણ તો ચાલુ જ હતું. બંગાળીના મૂળ અક્ષરો અને પ્રાથમિક અંગ્રેજી શિક્ષણ નરેનને એની માતા પાસેથી જ મળ્યું. જગતની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાના નૈતિક મૂલ્યો કેમ જાળવવા અને છેવટે સૌથી મોટો સહારો આપનાર ઈશ્વરના શરણમાં કેમ આશ્રય લેવો એ પણ નરેન પોતાની મા પાસેથી જ શીખ્યો. વળી, નરેનને તેની મા શિખામણ આપતાં : જીવનભર અંતરથી પવિત્ર રહેવું, આત્મસન્માન જાળવવું, અન્યના સન્માનને કદી ઠેસ ન પહોંચાડવી. હમેશાં શાંત અને સ્વસ્થ રહેવું, પણ જરૂર પડ્યે હૈયામાં હામ ભરવી. જીવનભર નરેનના અંતરમાં પોતાની મા પ્રતિ અપાર આદર, મમતા અને પ્રેમ રહ્યાં. માની શિખામણ યાદ રાખી હતી. નરેન્દ્રનાથ હમેશા કહેતા કે, પોતાની માતા માટે જેના હૃદયમાં પ્રેમ અને પૂજ્યભાવ ન હોય એ કદાપિ મહાન વ્યક્તિ ન બની શકે. અનેક પ્રસંગોએ તેઓ કહેતા કે મારા આંતરિક વિકાસ માટે હું હંમેશા મારી માતાનો ઋણી રહીશ.

નરેનના વિકાસમાં એના કુટુંબના અન્ય સભ્યોનો ફાળો પણ ખરો. રામકૃષ્ણ પરમહંસના ગૃહસ્થ શિષ્ય રામચંદ્ર દત્તના પિતાશ્રી નરસિંહ દત્ત એમના કુટુંબના વડીલ એવા સંબંધી હતા. નરેન એમની દેખરેખમાં રાત્રે સૂતા. નરસિંહ દત્ત સંસ્કૃતના પ્રખર પંડિત હતા. કોઈપણ યુવાનના મનને અને વ્યક્તિત્વને કેળવવા માટે એને અઘરા અને બુદ્ધિયુક્ત વિષયો ગોખાવવા એજ ઉત્તમ પદ્ધતિ છે એમ તેઓ માનતા. સંસ્કૃત વ્યાકરણ મુગ્ધબોધ નાં સૂત્રો, આખાય કુટુંબની વંશાવલિ, દેવીદેવતાઓનાં સ્તવનો તથા રામાયણ-મહાભારતનાં લાંબા ગદ્યખંડો સૂતાં પહેલાં તેઓ નરેનને શીખવતા. એકાદ વર્ષમાં તો નરેનનો સંસ્કૃતનો પાયો ખાસ્સો મજબૂત બની ગયો. પાછળનાં વર્ષોમાં સંસ્કૃત શીખવાની જે ધગશ એમનામાં જાગી એ માટે બાળપણનાં શરૂઆતનાં વર્ષોની આ કેળવણી જ પાયામાં હતી.

નરેનના વિકાસમાં એના પિતાનો પણ અતિ મહત્ત્વનો ફાળો હતો. નરેને સંગીત શીખવું જ જોઈએ એવો આગ્રહ તેમણે રાખ્યો, કારણ, તેઓ માનતા કે સંગીત તો નિર્દોષ આનંદનો સ્ત્રોત છે. કુટુંબના સંગીતના ઊંડા આકર્ષણને કારણે જ નરેન્દ્રનાથ એક સિદ્ધહસ્ત ગાયક બની શક્યા.

પોતાનાં બાળકોને શીખ આપવામાં પિતા વિશ્વનાથ અતિ વ્યવહારુ હતા. તેઓ પોતાનાં બાળકોને આત્મસન્માન, નમ્રતા, અને સૌજન્ય જાળવવાની પ્રેરણા આપતા. ક્યારેક કોઈ બાળક ગેરવર્તન કરે તો તેઓ એને ઠપકો ન આપતાં અનોખી પદ્ધતિ અપનાવતા, કે જેથી એ બાળક એના મિત્રોની હાજરીમાં મજાકનો વિષય બને. એક

દિવસ નરેને એની માતાસાથે કંઈક ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું. નરેનના પિતા ત્યારે એને વઢ્યા નહીં. પણ નરેનના અભ્યાસખંડના બારણા પર એમણે લખ્યું - નરેનબાબુએ આજે તેમના માતુશ્રીને આ પ્રમાણે કહ્યું: અને ત્યારબાદ નરેન્દ્રે કહેલા શબ્દો પણ એમણે લખ્યા. નરેન કે એના મિત્રો દાખલ થાય, ત્યારે બારણા પરના શબ્દો તો સામા ને સામા જ હોય. અને નરેનને પસ્તાવો થવામાં થોડોજ સમય લાગ્યો.

નરેનને ઘરે એના વકીલ પિતાના અનેક અસીલો આવતા. સલાહમસલત કરવા માટે એમનો વારો આવે ત્યાં સુધી તેઓ અંદરઅંદર વાતચીત કરતા. દરેક અસીલની નાત-જાત જુદી જુદી હતી. એમાંના એક મુસલમાન ભાઈ સાથે નરેન હળી ગયો હતો. દરેકને માટે જુદાજુદા હુક્કાઓ રાખવામાં આવતા. વર્ણભેદ વિશે નરેન તો તદ્દન અજાણ હતો. એના મનમાં અનેક સવાલો ઊઠતા. એક જાતિનો માણસ બીજા જાતિના માણસ સાથે કેમ જમી ન શકે? કેમ એકબીજાનો હુક્કો ગગડાવી ન શકે? એવું કોઈ કરે તો શું એને માથે આભ તૂટી પડવાનું છે? એકવાર આ પ્રશ્નોના જવાબ શોધવાનું એણે નક્કી કર્યું. હિંમતપૂર્વક એણે દરેકના હુક્કામાંથી એક એક દમ લઈ જોયું કે નાત જાય છે કે નહિ! બરા઼ ર એ સમયે જ એના પિતા વિશ્વનાથ દત્ત પ્રવેશ્યા અને પૂછ્યું: તું શું કરે છે? નરેને જવાબ આપ્યો: હું તો જાત જાય છે કે નહીં તે તપાસતો હતો ! પણ એનાથી કંઈ ખરાબ થયું તો નહિ! વિશ્વનાથે હસતાં હસતાં સમજાવ્યું; પછી પોતાના અભ્યાસખં઼ તરફ ચાલ્યા ગયા.

આખા વિશ્વના વિચારજગતમાં ક્રાંતિ લાવનાર પ્લેટો, એરિસ્ટોટલ વગેરે કે પછી દુનિયાનું ભવિષ્ય બદલી નાખવાના પ્રયત્નો કરનાર એલેક્ઝાંડર કે સીઝરને પોતાનામાં રહેલી મહાન શક્તિ વિષે છેક બાળપણથી જ સજાગ હોય છે. પોતાની મહાનતા વિશે પણ તેઓ આંતરિક રીતે સભાન હોય છે.

નરેન્દ્રનાથને પણ પોતાનામાં રહેલી મહાન શક્તિઓનો અંદાજ હતો. પોતાની ઉંમરનાં અન્ય બાળકો, જેના વિશે તદ્દન અજાણ હોય, એવા પોતાના સપનાંઓને સાકાર કરવા માટે, ભવિષ્યમાં કેવા ભગીરથ પ્રયત્નની જરૂર પડશે. તે વિશે તેને ઝાંખી તથા બાળસહજ અંદાજ હતો જ.

• • •

ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૨. કરુણામૂર્તિ નરેન્દ્ર

બીજાંઓની ચિંતા કરવી અને કાળજી રાખવી એ પહેલેથી જ નરેન્દ્રનાથનો સ્વભાવ હતો. પોતાના સાથીઓ પર એમને અપાર પ્રેમ હતો. એમને માટે તો નરેન્દ્રનાથ મૂર્તિમંત કરુણાનું સ્વરૂપ હતા. નાના હતા ત્યારે પોતાના મિત્રો સાથે કોઈવાર પર્યટન પર ગયા હોય ને અચાનક કોઈ બિમાર પડી જાય તો તરત જ મોજમજા છોડી દઈને એની સારવારમાં તે લાગી જતો. પોતાના વીસેક મિત્રોને લઈ નરેન્દ્ર એકવાર કલકત્તાનો કિલ્લો જોવા ગયો. એક છોકરો બિમાર પડી જતાં પોતાની બિમારીની વાત એણે મિત્રોને કરી. પણ બધાં એ બિમાર મિત્રની મજાક કરતા કરતા, એની તરફ ધ્યાન રાખ્યા વિના આગળ નીકળી ગયા. બિમારી વધી પડતાં જમીન પર પડી એ એકલો એકલો કણસતો હતો. નરેન પણ ત્યાં જ હાજર હતો. તેણે મિત્રોને કહ્યું, આ મિત્રની માંદગી કદાચ ગંભીરરૂપ પણ પકડે! માટે હું તેની પાસે પાછો જાઉં છું. બધા મિત્રો સાથે આગળ જવાની લાલચ નરેને સમયસર રોકી. પેલા છોકરાનું શરીર તો તાવથી ધખતું હતું. નરેને એને લગભગ ઊંચકીને પાસેની ઘોડાગાડીમાં બેસાડ્યો; વળી એના ઘરે પહોંચાડ્યો.

નરેન તથા એના મિત્રો, નવગોપાલ મિત્ર નામના એક સજ્જનની વ્યાયામશાળાના સભ્ય હતા. વ્યાયામશાળાની મોટા ભાગની વ્યવસ્થા તેઓ સૌ સાચવતા. એકવાર કસરતના ઝુલા જેવા ભારે સાધનને બેસાડવાનો પ્રયત્ન બધાં ભેગા મળી કરતા હતા. એમને જોવા માટે આસપાસ લોકોનું ટોળું ભેગું થઈ ગયું. એ ટોળામાં એક અંગ્રેજ નાવિક પણ ઊભો હતો. નરેને મદદ કરવા એને બોલાવ્યો; એ આવ્યો પણ ખરો. બીજા બધા છોકરાઓને આ વજનદાર સાધન ઉઠાવવામાં તે મદદ કરવા માંડ્યો. દરમિયાન દોરડું તૂટવાથી આટલું મોટું વજનદાર સાધન છટકીને પેલા નાવિક પર પડ્યું. એ તો બિચારો ચગદાવાથી બેભાન થઈ ગયો. બધા લોકો અને નરેનના મિત્રો

પણ ધીમે ધીમે ત્યાંથી નાસી ગયા. માત્ર નરેન અને એકાદ બે મિત્રો જ ત્યાં રહ્યા. સૌને એમ જ લાગ્યું હતું કે નાવિક ચોક્કસ મરી ગયો હશે. નરેને પોતાના પહેરેલા ધોતિયાનો એક છેડો ફાડીને પહેલાં તો એના ઘા પર કસીને પાટો બાંધ્યો. એના મોં પર પાણીની છાલક મારીને ધીમે ધીમે એને પવન નાખવા માંડ્યો. થોડીવારે નાવિક ભાનમાં આવ્યો. નરેન અને તેના મિત્રો તરત જ એને નજીક આવેલી શાળા સુધી લઈ ગયા. ડોક્ટરને બોલાવ્યા અને નવગોપાલ મિત્રને પણ આખી ઘટનાની ખબર આપી. થોડા અઠવાડિયાની સારવાર પછી પેલો નાવિક જ્યારે સાજો સારો થયો ત્યારે નરેને પોતાના મિત્રો સાથે મળીને ભેગી કરેલી રકમ એને નમ્રતાથી મદદરૂપે આપી.

પરિવ્રાજક સાધુઓ પ્રત્યે નરેનને અત્યંત પ્રેમ હતો. એના આંગણે જ્યારે જ્યારે કોઈ સાધુ આવે કે નરેન દોડીને એની પાસે પહોંચી જાય. એકવાર એક સાધુએ એના ઘરઆંગણે આવી ભિક્ષા માગવા પોકાર કર્યો. કમરે વીંટાળેલા નવીન ધોતિયા સિવાય નરેન પાસે આપવા બીજું કંઈ જ નહોતું; બાળપણમાંથી હવે મોટા થયાની ભેટરૂપે મળેલ નવી-નકોર ધોતલી નરેનને બહુ ગમતી હતી. પણ તરત જ પેલા સાધુને આપી દીધી ! જ્યારે ઘરમાંથી નરેનની માતાએ ધોતિયા વિશે પૂછ્યું કે તરત જ તેણે જવાબ આપ્યો: સાધુએ ભિક્ષા માંગી એટલે મેં તેને ધોતિયું આપી દીધું. આમ તો એ લોકોને ઘરે આવકારો મળતાં એટલે વારંવાર અનેક સાધુઓ આવતા. વિશ્વનાથ દત્ત સાધુઓની આગતાસ્વાગતા કરતા. કારણ, એમને જોઈ સાધુ બની ગયેલા પોતાના પિતાજીની યાદ આવતી. પણ આ ઘટના પછી નરેનનું ધ્યાન રાખવા એક ખાસ માણસ નીમવામાં આવ્યો, જેવો કોઈ સાધુ આંગણામાં દેખાય કે તરત જ, એ જતો ન રહે ત્યાં સુધી, નરેનને એક ઓરડામાં પૂરી રાખવામાં આવતો. પણ નરેન કાંઈ એમ સહેલાઈથી કાબૂમાં આવે કે ? જે ઓરડામાં એને પૂર્યો હોય એ ઓરડામાંથી જે કંઈ હાથમાં આવે તે બારીમાંથી બહાર ફેંકી સાધુને આપીને પોતાનું ધાર્યું કર્યાના આનંદથી નાચી ઊઠતો.

જાતજાતનાં પશુપક્ષીઓ પાળવાનો પણ એને શોખ હતો. તેણે એક વાંદરો, બકરી, મોર, કબૂતર અને બે-ત્રણ ગીનિપિગ પણ પાળ્યાં હતાં. આ બધાં પર નરેનને અપાર પ્રેમ હતો. ઘરમાં એક ગાય રાખી હતી. એ પણ નરેનને ખૂબ વહાલી હતી. નરેનની મોટી બહેનો જુદા જુદા તહેવારોએ ગાયમાતાની પૂજા કરતી, એને કંકુનું તિલક કરી, હાર પહેરાવી પગે લાગતી ત્યારે નરેન પણ એમાં જોડાતો. પોતાના નાના નાના હાથોથી ગાયને પંપાળીને એની સાથે મીઠી મીઠી વાતો પણ કરતો.

એ સમયે એવાં રીતરસમ હતાં કે સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓના વિદ્યાર્થીઓમાંથી આર્થિક કારણોસર જે વિદ્યાર્થી ફી ન ભરી શકતો હોય એને તે સંસ્થા માફી બક્ષે. કેટલીક વાર તો કૉલેજની લેણી નીકળતી રકમને પણ માફી કરી દેવામાં આવતી. આવી રીતે માફી ઈચ્છતા વિદ્યાર્થીઓએ ફી ભરવાની તારીખ પહેલાં કારણો તથા પ્રમાણો આપી અરજી કરવી પડતી. રાજકુમાર નામના એક અનુભવી કારકૂનને નિર્ણય કરવાનું કામ સોંપાયું હતું હરિદાસ નામનો નરેન્દ્રનાથનો સહવિદ્યાર્થી આર્થિક ભીડને કારણે પરીક્ષાની ફી તથા બાકીની લેણી રકમ ભરી શકે તેમ ન હતો. નરેન્દ્રનાથે આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા પોતે પ્રયત્ન કરશે એવું આશ્વાસન પેલા મિત્રને આપ્યું.

બેત્રણ દિવસ પછી વિદ્યાર્થીઓ પોતાની લેણી રકમ અને પરીક્ષાની ફી ભરવા રાજકુમારની ઓફીસ આગળ ઊભા હતા ત્યારે એમની વચ્ચેથી માર્ગ કરતાં નરેન્દ્રનાથ રાજકુમાર પાસે ગયો. એણે રાજકુમારને કહ્યું: મહાશય, હરિદાસ એની ફી ભરી શકે તેમ નથી, તો તમે એને માફી કરી આપશો? મને શ્રદ્ધા છે કે તમે એને પરીક્ષા આપવા દેશો તો એ જરૂર સારા ગુણો લાવી સફળ થશે, નહિ તો એનું ભવિષ્ય બરબાદ થઈ જશે. રાજકુમારે નરેન્દ્રનાથને ઉદ્ધતાઈથી તોડી પાડતાં કહ્યું: તારે એની ભલામણ કરવા આવવાની કોઈ જરૂર નથી. તું તારી પોતાની ચિંતા કર એટલે બસ. ભોંઠો પડીને નરેન્દ્રનાથ ત્યાંથી ચાલી ગયો. પેલો મિત્ર પણ ખૂબ નાસીપાસ થઈ ગયો. નરેન્દ્રનાથે મિત્રને સમજાવતાં કહ્યુ: તુ શું કરવા નિરાશ થાય છે? એને તો વિદ્યાર્થીઓને ઉતારી પાડવાની ટેવ છે. તું ચિંતા મા કર. મને જોવા તો દે કે હું માર્ગ કાઢી શકું કે કેમ?

રાજકુમાર હમેશાં સાંજે ચરસગાંજો પીનારાઓના અડ્ડા પર જતો. નરેન્દ્રનાથ કોલેજનો ભણવાનો સમય પૂરો થયો એટલે ઘરે જવાને બદલે સીધો એ અડ્ડા પર તપાસ કરવા ગયો. સાંજ પડી, અંધારું થયું એટલે સૌની નજર બચાવતો છાનોમાનો રાજકુમાર અડ્ડા તરફ જતો હતો, ત્યાં જ નરેન્દ્રનાથ અચાનક એની સામે આવી ઊભો રહી ગયો. આવે સમયે ને આવી જગ્યાએ નરેન્દ્રનાથને જોઈ રાજકુમાર પહેલાં તો ચોંકી ઉઠ્યો પણ પછી ધીરજ અને શાંતિ એકઠી કરી એણે નરેન્દ્રનાથને પૂછ્યું, કેમ, ભાઈ નરેન ! તું અહીં કેમ આવ્યો? નરેન્દ્રનાથે ફરી એકવાર એને હરિદાસ તરફથી ફી માફ કરી દેવાની વિનંતી કરી. સાથે ઉમેર્યું કે રાજકુમાર આ વિનંતિને ગણકારશે નહીં તો પોતે ગાંજાચરસના અડ્ડાની રાજકુમારની મુલાકાતની વાત કોલેજમાં સૌ કોઈ સમક્ષ જાહેર કરી દેશે. રાજકુમારે તરત જ એને શાંત પાડતાં કહ્યું, અરે, ભાઈ ! તું કેમ અકળાઈને ગુસ્સે થાય છે ? તું વિનંતિ કરે એને કંઈ હું ટાળી શકું? છેવટે રાજકુમારે

હરિદાસની બાકી રહેલી લેણી રકમ માફ કરવાનું વચન આપ્યું. પણ પરીક્ષાની ફી તો હરિદાસે ભરવી જ પડશે એમ પણ કહ્યું. નરેન્દ્રનાથ આ માટે સમંત થયો અને ત્યાંથી ચાલવા માંડ્યો.

બીજે દિવસે સૂર્યોદય થાય એ પહેલા જ વહેલી સવારે નરેન્દ્રનાથે હરિદાસને ઘરે જઈ એનું બારણું ખખડાવ્યું : ચાલ ભાઈ ! તારું કામ થઈ ગયું છે એટલે આનંદ મ્હાણીએ ! તારે રકમ નહી ભરવી પડે. આગલી સાંજનો આખો બનાવ નરેન્દ્રનાથે નકલ કરીને, ચાળા પાડીને વર્ણવ્યો અને હાસ્યનું મોજું ફરી વળ્યું.

આગળ જતાં, વિશ્વ પ્રસિદ્ધિની ટોચે સ્વામી વિવેકાનંદ બિરાજતા હતા, ત્યારે એક સત્ય ઘટના આ પ્રમાણે બની: એક વખત ટ્રેનમાં મુસાફરી કરતી વખતે સ્વામીજીએ જોયું કે એક મુસલમાન ફેરિયો બાફેલા ચણા વેચે છે. પોતાની સાથેના બ્રહ્મચારીને સ્વામીજીએ કહ્યું: બાફેલા ચણા બહુ જ શક્તિવર્ધક હોય છે. બ્રહ્મચારીએ એક પૈસાના ચણા ખરીદ્યા અને તે ફેરિયાને ચાર આના આપ્યા. તે સ્વામીજીનો સ્વભાવ જાણતા હતા. ચણા ખરીદવાને બહાને તેઓ ફેરિયાને મદદ કરવા માગે છે. સ્વામીજીએ પૂછ્યું:

તેં કેટલા પૈસા આપ્યા ? ચાર આના, એવો જવાબ સાંભળીને સ્વામીજીએ કહ્યું:

અરે, એટલામાં તેનું શું થશે ? બિચારાને ઘરમાં પત્ની-બાળ બચ્ચા વગેરે હશે. તેને એક રૂપિયો દે. સેવકે રૂપિયો આપ્યો.

આવાં અનેક પ્રેરણાદાયી ઉદાહરણો આપણને સ્વામી વિવેકાનંદના જીવનમાં મળી આવે છે; આમ સ્વામીજીના મહાન હૃદયમાં દીનદુખિયાંઓ માટે કેટલી ઊંડી કરૂણા હતી તે આપણને સમજાય છે.

• • •

ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૩. જન્મજાત નેતા

બાળપણથી જ નરેન પોતાના મિત્રોમાં નેતા ગણાતો. જ્યારે પણ પ્રસંગ ઉજવાતો, તો ત્યારે તે નેતૃત્વ કરતો. પોષ મહિનાના અંતિમ દિવસે એટલે કે મકરસક્રાંતિનો દિવસ, આવો જ એક મંગળ અવસર બની ગયો.

આ શુભ પ્રસંગે બાળકો ગંગામૈયાની પૂજા કરતા હોય છે, વળી ગંગાનાં પવિત્ર જળમાં સ્નાન કરવું શુભ ગણાય છે. નરેને આ અવસરે ઉત્સવ ઊજવવાનો નિર્ણય કર્યો. તેમજ પિતાજીની આ બાબત સંમતિ તેમજ જરૂરી પૈસા પણ લઈ લીધાં. પછી તેમણે બાળકોને એકઠાં કર્યાં. તેમના પિતાએ ગુરુજીને આ બાળકોને ગંગાનું ગીત શીખવાડવા કહ્યું. તે દિવસે નરેનની નેતાગિરિ નીચે નાના બાળકોનું સરઘસ નીકળ્યું. લહેરાતા ઝંડા તેમજ હાથમાં ફૂલોની માળા લઈને, આ બાળકો ગીત ગાતા ગાતા ગલીઓમાંથી પસાર થતાં થતાં ગંગા તરફ જવા નીકળી પડ્યા. જેવા તે લોકો ગંગા કિનારે પહોંચ્યા કે બધાં જ એક સ્વરે એ ગીત ગાવા માંડ્યા. એ દરેક બાળકને ખૂબ સારી રીતે આવડે છે: જય ગંગે મા જય ગંગે ! ગંગાના વહેતા જળમાં ફૂલની માળા પધરાવી દીધી. ફરી પાછા સંધ્યા કાળે ગંગા કિનારે પહોંચ્યા. કેળનાં થડમાંથી નાની નાની હોડીઓ બનાવી, તેમાં પૂજાનાં દિવડાઓ પ્રગટાવ્યાં. કેવું સુંદર દૃશ્ય હતું ! નદીમાં દૂર સુધી આ દીપક સાથે હોડીઓ તરતી દેખાતી હતી. ત્યાં અનેક યાત્રાળુઓમાં નરેનના મિત્રોની પણ એક ટોળી હતી. માઈલો સુધી ગંગા મૈયાનો જળપ્રવાહ આ બાળકોના સ્નેહપૂંજથી, પ્રસન્નતાથી ઝળહળી રહ્યો હતો.

પોતાના જીવન-કાળમાં તેઓ જયાં પણ ગયા, ત્યાં નેતાના રૂપમાં તેઓ હમેશાં સ્વીકૃતિ પામ્યા. પોતાના સમકાલીન લોકોમાં તેઓ અદ્વિતીય હતા. બાળપણથી જ પ્રખર બુદ્ધિશાળી, સમર્પિત શિષ્યોના નેતા, પૂર્વ હોય કે પશ્ચિમ, નરેન પોતાના બાળ-મિત્રોનો રાજા હતો. તેની પોતાની આ દુનિયામાં સર્વેસર્વા હતો. હું સમ્રાટ છું,

રાજાઓનો પણ રાજા, આવી ઘોષણા કરતો કરતો, નરેન આંગણમાંથી, પૂજાઘરની ઓસરીના પગથિયાં ઉપર દોડતો દોડતો ચઢી જતો; એક રાજાની માફક સિંહાસન ગ્રહણ કરતો. નીચેના પગથિયાં બતાવીને, તે પોતાના બે મિત્રોમાંથી એક પ્રધાન મંત્રી અને બીજાને સેનાપતિ રૂપે ઊભા રહેવા કહેતો. બીજા પગથિયાંની હાર ઉપર, બીજાં પાંચ મદદગારોને અધિકારી રૂપે ઊભા રાખતો, પોતાના દરબારીઓને, રાજકુમારોથી એક પગથિયું નીચે બેસવાની સગવડ કરતો. આટલી તૈયારી બાદ, ઔપચારિક દરબારની કાર્યવાહી શરૂ થતી. એક પછી એક રાજકુમાર, રાજ્યનાં ઉચ્ચ અધિકારીગણ, તેમજ દરબારીઓ, ઉપસ્થિત સમ્રાટને સાષ્ટાંગ પ્રણામ કરતા કરતા સૌર મંડળના પનોતા પુત્ર, ધર્મરક્ષક, પૃથ્વી તથા સમુદ્રના અધિપતિ વગેરે સંબોધનથી તેને નવાજતા. આ વિધિ બાદ રાજા પોતાની પ્રજાના કુશળ-મંગળ સમાચાર મેળવીને તેમની ફરિયાદો સાંભળતા. ક્યારેક કોઈ અપરાધીને રાજા સમક્ષ બોલાવી, તેના પર ગંભીર આરોપને સાબિત કરવામાં આવતો. ત્યારબાદ રાજાધિરાજનો ન્યાયપૂર્ણ ઉદ્‌ગાર સંભળાતો: સિપાઈઓ ! આનું માથું ધડથી અલગ કરી નાંખો. સાથોસાથ દસ સિપાઈઓ અપરાધી પર તૂટી પડતા. આ રીતે ચાલતી નરેન્દ્રની પ્રિય રમત-રાજા અને દરબાર, જેમાં રાજસિક ઠાઠમાઠ સાથે તે ન્યાય સભાનું સંચાલન કરતો તથા સહેજ પણ તોફાન કે અવિનય થાય તો આંખના ઈશારાથી નરેન્દ્ર ચૂપ કરી દેતો.

એ તો પહેલાં જ ઉલ્લેખ કરી દીધો છે કે નરેન પોતાના સાથીઓના નેતા હતા. ખરેખર તો નેતૃત્વનો આ ગુણ તેમનામાં જન્મજાત હતો. અને પોતાના બાળપણથી જ આ સત્યને પ્રમાણિત કરી દીધું કે નેતૃત્વનો અર્થ છે: આત્મ ત્યાગ-આત્મ સમર્પણ. જ્યારે તેઓ છ વર્ષના હતા, ત્યારે એક દિવસ, પોતાના એક સંબંધી બાળક સાથે મેળો જોવા ગયા. અહીં ભગવાન શિવજીની પૂજા થાય છે. મેળામાંથી તેમણે શિવજીની નાની-નાની મૂર્તિઓ ખરીદી. સાંજે બંને ઘરે પાછા આવતા હતા ત્યારે તે ઉમટેલા માનવ મહેરામણમાં બન્ને આગળ પાછળ થઈ ગયા. ત્યાં જ એક ઘોડાગાડી પૂરપાટ વેગે દોડતી આવી, નરેને તો એમ જ માન્યું હતું કે તેનો મિત્ર પાછળ આવે જ છે. તેથી શોરબકોર સાંભળતાં જ, જેવું તેણે પાછું વળીને જોયું તો એ ભયંકર દૃશ્ય હતું: તેનો નાનકડો સાથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો, સડકની સાવ વચ્ચે ભયભીત બનીને ઊભો છે, અને ઘોડાગાડી તેની ઉપર જ ફરી વળવાની હતી. તે જ ક્ષણે, નરેન તે છોકરાની મદદે દોડયો. પોતાના રક્ષણનો વિચાર કર્યા વગર, જમણા હાથે છોકરાને પકડી લગભગ ઘોડાની ખરી નીચેથી જ ખેંચી લીધો. આજુબાજુના લોકો તો સ્તબ્ધ જ થઈ ગયાં. અચાનક જ આ ભય એવો નજીક આવી ગયેલો કે બાળકને દોડવાનો પણ સમય ન હોતો, લોકોએ નરેનની પીઠ થાબડી, કેટલાકે આશીર્વાદ આપ્યાં.

જ્યારે તે લોકો ઘરે પહોંચ્યા ત્યારે મા ભુવનેશ્વરી દેવીએ આખી ઘટના સાંભળી તો પ્રસન્નતાથી બોલી: મારા બેટા હમેશાં બહાદુર બનો!

આત્મ-ત્યાગની આ ભાવનાથી જ નરેન તેના મિત્રો માટે આદર્શરૂપ હતો. આ પ્રભાવ એટલો ઊંડો હતો કે તેના અનેક મિત્રોએ પોતાના કોલેજના દિવસો દરમિયાન જ ગંભીર, મહત્વપૂર્ણ વિષયોમાં નરેનનું જ નેતૃત્વ સ્વીકાર્યું.

પોતાની સાથે ભણતા છોકરાઓ સાથે નરેનને ખૂબ દોસ્તી હતી. શાળામાં જ્યારે નવરાશનો સમય મળતો, નરેન તેમની સાથે રમતો, વાર્તા સંભળાવતો, ગીતો ગાતો અથવા તો નકલ કરવાની અદ્ભુત કળાથી બધાને હસાવતો. ઘણીવાર તે મિત્રોને ચીડવતો અથવા તો તેમની સાથે તોફાન મશ્કરી પણ કરતો. પરંતુ તેણે ક્યારેય, કંઈ નુકસાન કરેલ નહીં. આ બધા તોફાનો દ્વારા તે બધાનું ધ્યાન પોતા તરફ આકર્ષિત કરી લેતો. સાથીમિત્રોને પોતાના બનાવી લેતો. પાંચ જ મિનિટમાં તે કોઈનું પણ હૃદય જીતી લેતો. પોતાની ચતુરાઈથી વાતોમાં તે કોઈને પણ હરાવી દેતો. નરેનને કોઈ હરાવી અને કોઈ પણ ડરાવી શકતું નહીં. તેનું અદ્ભુત હાજરજવાબીપણું તેમજ અગાઉથી કોઈપણ પ્રકારની તૈયારી કર્યા વગર ભાષણની ક્ષમતા ધરાવતો. નરેન ક્યારેય ઉદાસ જોવા ન મળતો. બીજાને કેવી રીતે હસાવવા તે પણ તેને ખૂબ સારું આવડતું. અને પોતાના બધાં જ મિત્રોને તેણે મંત્રમુગ્ધ કર્યા હતા.

નરેન ઘણીવાર પોતાના મિત્રોને કલકત્તાના વિવિધ જોવાલાયક સ્થળોએ લઈ જતો. ક્યારેક કોઈ બગીચામાં, તો ક્યારેક ઐતિહાસિક સ્મારક અથવા કોઈ સંગ્રહાલયમાં. એક દિવસ પોતાની મંડળી સાથે, ગંગાના રસ્તે, મહાનગરી કલકત્તામાં નવાબનું પ્રાણી-સંગ્રહાલય જોવા ગયો. જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે એક નાનો છોકરો બિમાર પડી ગયો અને તેને ઊલટી થઈ ગઈ. નાવિક ખિજાઈ ગયો. અને તરત જ તેને સાફ કરી નાખવા કહેવા લાગ્યો. તે છોકરાએ તે કામ કરવાની ના પાડી અને તેના બદલે બમણું ભાડું લઈ લેવા કહ્યું. પરંતુ નાવિક માન્યો નહીં. ઘાટ પર પહોંચતા જ નાવિક તેને ધમકાવા લાગ્યો. તેમને હોડીમાંથી ઉતરવા દીધા નહીં. જ્યારે નાવિક ગાળો ભાંડી રહ્યો હતો, ત્યારે તેની નજર ચુકવીને નરેન કિનારા પર કૂદી પડ્યો અને પાસે જ ટહેલતા બે અંગ્રેજી સૈનિકોની મદદ માંગવા લાગ્યો. પોતાની તૂટીફૂટી અંગ્રેજી ભાષામાં તેણે પોતાની મુસીબત જણાવી, પોતાના બંને નાના હાથોથી તેમનો હાથ પકડી, ઘટના સ્થળે લઈ ગયો. સૈનિકોએ પરિસ્થિતિ સંભાળી લીધી. નાવિકને આદેશ આપ્યો: બાળકોને છોડી દે. સૈનિકોને જોઈને નાવિક ભયભીત થઈ ગયો અને એક પણ શબ્દ બોલ્યા વગર બાળકોને મુક્ત કરી દીધાં. નરેનને સિપાઈઓએ પોતાની

સાથે નાટક જોવા આવવા આમંત્રણ આપ્યું: નરેને તે આમંત્રણનો અસ્વીકાર કર્યો. સૈનિકોનો તેમની દયા, સહાનુભૂતિ તેમજ મદદ માટે આભાર માની વિદાય લીધી.

જ્યારે નરેન્દ્ર ફક્ત ૧૧ વર્ષનો હતો, ત્યારે સાતમાં સમ્રાટ એડવર્ડ, પ્રિન્સ ઓફ વેલ્સ ભારતયાત્રાએ આવ્યા. તે સમયે એક બ્રિટિશ યુદ્ધ જહાજ સિરાપિસ કલકત્તાના બંદરે આવેલું. નરેન્દ્રના મિત્રોએ તેને આગ્રહ કર્યો કે તે જોવા માટે, બધાં વતી સંમતિ-પત્ર લઈ લેવા પ્રયત્ન કરે. તેના માટે એક અંગ્રેજ અધિકારીને મળવું જરૂરી હતું. જ્યારે નરેન અરજી-પત્રક લઈને ત્યાં પહોંચ્યો, ત્યારે ત્યાંના ચોકીદારે તેને બાળક સમજી અંદર જવા દીધો નહી. હવે નરેન એક બાજુ ઊભો રહી શું કરવું તે વિચારવા લાગ્યો; દરમ્યાન તેનું ધ્યાન ગયું કે અરજી-પત્રક લેનાર વ્યક્તિ ત્યાંથી પહેલા માળના એક ઓરડા તરફ જઈ રહ્યો છે. તેથી નરેને વિચાર્યું કે આ એજ ઓરડો હોવો જોઈએ કે જ્યાંથી સંમતિ-પત્રક મળતું હશે. અટેલે તેણે તો ત્યાં પહોંચવાનો રસ્તો શોધવા માંડ્યો. પાછળની બાજુ એક સીડી હતી. છુપાઈને તે રસ્તેથી ઉપર પહોંચ્યો. પડદો હટાવતા જ ઓરડામાં આવી ગયો. અરજી કરનારની કતારમાં ઊભો રહી ગયો, અને જેવો એનો વારો આવ્યો કે તરત અરજી પત્રક પર સહી થઈ ગઈ. પાછા વળતી વખતે તે પેલી સામેની બાજુથી નીકળ્યો તો ચોકીદારે ચોંકી જઈને પૂછ્યું: તુ અંદર ગયો કેવી રીતે? નરેને કહ્યું; અરે, હું તો જાદુગર છું.

એક સુંદર પ્રસંગ છે, જેના પરથી એ સ્પષ્ટ થાય છે કે આ બાળકમાં એક મહાન પુરુષ બનવાના લક્ષણ પહેલેથી જ હતાં. ૧૪ વર્ષનાં નરેને એક નાટકનું પ્રદર્શન બંધ થતું અટકાવ્યું હતું. નાટક સારી રીતે ચાલી રહ્યું હતું. ચાલુ નાટકે અચાનક એક કોર્ટનો સિપાઈ મુખ્ય અભિનેતાને ગિરફતાર કરવાનું વૉરન્ટ લઈને મંચ ઉપર આવી ગયો. તેણે અભિનેતા પાસે આવીને કહ્યું: કાયદા પ્રમાણે હું તમને ગિરફતાર કરું છું. તે જ ક્ષણે એક અવાજ સંભળાયો; મંચ ઉપરથી નીચે ઊતરો-નાટક પૂરું થાય ત્યાં સુધી રોકાઈ જાઓ. આ રીતે પ્રેક્ષકોના રંગમાં ભંગ પડાવવામાં તમારો ઈરાદો શો છે?
આ અવાજમાં સ્પષ્ટ આદેશ હતો, આ અવાજ હતો નરેનનો! તેના સમર્થનમાં તરત અનેકના અવાજ મળ્યા. મંચ ઉપરથી ઊતરો. કોર્ટનો સિપાઈ અચંબામાં પડી જઈ નીચે ઊતરી ગયો. નરેન પાસે બેઠેલા લોકોએ તેની પીઠ થાબડીને શાબાશ કહ્યું.

નરેનનો નિર્ભય, ઉદાર, સંવેદનશીલ સ્વભાવ આ પ્રસંગોમાં ચમકી ઊઠે છે. સાથોસાથ તેની અદમ્ય શક્તિ તેમજ રમૂજીપણું તથા સાહસ વગેરે એવા અનેક સુંદર સદ્‌ગુણ હતા. એટલે તેઓ પોતાના મિત્રોના નેતા બની ગયા.

• • •

ગુજરાતી સિનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૧. વાત્સલ્ય મૂર્તિ શ્રીમા શારદાદેવી

(જન્મ : ૨૨-૧૨-૧૮૫૩ જન્મસ્થાન : જયરામવાટી;
જિ. બાંકુડા, પશ્ચિમ બંગાલ. જીવનકાળ : ૧૮૫૩-૧૯૨૦)

ગરીબ માતાપિતાને ત્યાં જન્મેલાં, શ્રી શારદાદેવી ગામડાના સાદા વાતાવરણમાં ઉછર્યાં હતાં શ્રીરામકૃષ્ણદેવ સાથે માત્ર છ વર્ષની બાળવયે તેમનાં લગ્ન થયાં હતાં. શ્રી શારદાદેવી વિશ્વભરમાં જગદંબા રૂપે પૂજનીય છે. શ્રીરામકૃષ્ણ પોતે પણ એમની જગન્માતા તરીકે પૂજા કરી. શ્રીરામકૃષ્ણની મહાસમાધિ બાદ ગુરુરૂપે અનેક સંન્યાસીઓને તથા હજારો ભક્તજનોને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની પ્રેરણા શ્રીમાએ આપી. પૂજનીય માતાજી કહે છે : જેનું મન પવિત્ર છે તેને બધું પવિત્ર દેખાય છે.

શ્રીમા શારદાદેવીના જીવનમાં આપણને માનવી અને દિવ્યભાવનું, સંમિશ્રણ જોવા મળે છે. એમની આધ્યાત્મિક શક્તિઓ ઉપરાંત, એમની માનવીય ગુણસંપત્તિને કારણે જ સમગ્ર વિશ્વની દ્રષ્ટિએ તેઓ એક દ્રષ્ટાંતચરિત્ર બની રહ્યાં. ભારતીય નારીત્વની પરિપૂર્ણતાનું તેઓ પરમ સ્વરૂપ હતાં. એમનાં કાર્યોમાં અદ્‌ભુત શાલીનતા અને સૌજન્ય, ઉદાત્તતા અને ઉદારતાના દર્શન થાય છે. કોઈ તુચ્છ કે સંકુચિત વાત સાથે તેઓ ભૂલથી પણ સંકળાઈ શકતાં નહીં. રોજબરોજની નાનીનાની બાબતોમાં પણ સંસ્કારિતા અને ઉદારતાભર્યા દૃષ્ટિકોણને કારણે સૌ કોઈ કરતાં તેઓ મૂઠી ઉંચેરા બની રહેતાં. શ્રીમાના હાવભાવમાં, એમના દૈનિક કાર્યોમાં ન્યૂનતાની એક આછીશી રેખા પણ ન હતી. એટલે જ શ્રીમાનું જીવન સૌ કોઈને માટે હમેશાં અનુસરણ કરવા યોગ્ય એક આદર્શ જીવન બની રહ્યું.

માતાજીના ચરિત્રમાં દરેક સદ્‌ગુણને ગૌણ બનાવી દેનાર પ્રબળ ગુણ એટલે એમનું વાત્સલ્ય. સૌ કોઈને માટે એમનું હૃદય માતૃપ્રેમથી છલકાતું. સગી મા કરતાં

પણ અધિક; સૌને માટે ભરપૂર એમનો માતૃપ્રેમ તો અનુપમ હતો. પોતાની માને નાનપણમાં જ ગુમાવી દીધી હોય, માનો પ્રેમ એટલે શું એની કલ્પના પણ ન હોય, એવા કેટલાય યુવાનો જ્યારે શારદા માતાની નિકટ આવતા ત્યારે માતૃત્વના સ્નેહની ખોટ પૂરાઈ જતી. તેઓ જન્મજન્માંતર માટે પણ બીજા કશાની ખેવના પછી ન રાખતા. શ્રીમાનો પ્રેમ આ જગતમાં જીવનરક્ષા અને પરલોકમાં મુક્તિ અપાવવા માટે શ્રદ્ધા જગાવતો. એમને શ્રીમાના આધ્યાત્મિક મહિમા વિશે જીજ્ઞાસા પણ પછી રહેતી નહીં. મમતાના ઉન્નત શિખર હિમાલય સમાન મા શારદાદેવીનાં શ્રીચરણોનો સ્પર્શ કર્યા પછી, તેઓ પોતાને પરમ ધન્ય માનતા. શારદામાનું વાત્સલ્ય સૌ કોઈને નિર્ભય બનાવી દેતું. દીક્ષા સમયે શિષ્યો માતાજીના દિવ્ય મહિમાથી આશ્ચર્યચકિત થઈ જતા. પરંતુ મંત્રદીક્ષા વિધિ સંપન્ન થાય, એટલે મા પોતાનાં વહાલાં બાળકને ખવડાવે એમ શ્રીમા શિષ્યને મિષ્ટાન્ન ભોજન જમાડતાં; તરત શિષ્ય જાણે પોતાના ઘરમાં જ હોય એવી મોકળાશ એમની પાસે રહીને અનુભવતો. પોતાનાં કપડાં કે ધાબળા અનેકવાર તેઓ નવીન શિષ્યોને વાપરવા આપતાં. શ્રીમાએ વાપરેલી વસ્તુઓ વાપરતાં એમના મનમાં સહેજ ખચકાટ રહેતો. તરત જ માતાજી સ્નેહમય શબ્દોથી, વાતોથી એમનો સંકોચ દૂર કરી દેતાં. માએ આપેલી કોઈ વસ્તુ સ્વીકારવામાં એનું બાળક કોઈ સંકોચ અનુભવે ? જયરામવાટીમાં તેઓ ભક્તો માટે રાંધતાં. થાળીઓ, વાસણો માંજતા; શિષ્યો જ્યાં બેસીને જમ્યા હોય એ એઠું પણ ધોઈલૂછીને સાફ કરતાં. દૂરદૂરનાં ગામેથી આવીને શ્રીમા પાસે ભલે બે ત્રણ દિવસ જ રહ્યા હોય, તેવા ભક્તો પણ હૃદયમાં એમને માટે એવું તીવ્ર ખેંચાણ અનુભવે. એમની પાસેથી છુટા પડતી વખતે તે સંતાનો આંસુ વહાવતાં. જયરામવાટીથી ભક્તોને વિદાય આપે ત્યારે માતાજી ઉંબરે ઊભાં રહેતાં; દૂરદૂર સુધી આંસુભીની વાત્સલ્યભરી અમી દૃષ્ટિથી ભક્તોને લઈ જતું ગાડું અદૃશ્ય ન થાય ત્યાં સુધી જોઈ રહેતાં. એક યુવાન ભક્તને કામકાજ માટે પાસેના ગામમાં જવાનુ થયું. એને પાછા ફરતા સાંજ પડી ગઈ. એ પાછો આવ્યો ત્યાં સુધી, મોડી સાંજ સુધી શ્રીમા પણ ભૂખ્યાં રહ્યાં. પોતાનું બાળક ભૂખ્યું હોય ત્યાં સુધી મા મોઢામાં કેમ કરીને કોળિયો મૂકે ? શિષ્યે આ સાંભળ્યું ત્યારે એ ભાવવિભોર થઈ ગયો. પોતાની સગી જનેતા પણ દીકરા માટે જે ન કરે એ શ્રીમાએ કર્યું. કારણ કે તેઓ તો સર્વના સ્નેહમયી મા હતાં. દરેક મનુષ્ય માટે તેઓ મમતા-પ્રતિમા માતૃસ્વરૂપ હતાં. એમનો આ પ્રેમ નાત-જાત, વર્ણ કે ભૂગોળના સીમાડાઓથી પર હતો. ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ, કોઈપણ દિશાએથી જે કોઈ એમની પાસે આવતું એ શ્રીમાનાં એ અલૌકિક કૃપા તથા આશીર્વાદ પામતું. તેઓ તો આવા ભક્તોની ભાષા પણ જાણતાં નહીં. પરંતુ એમનો અલૌકિક માતૃપ્રેમ ભક્તો માટે આશીર્વાદરૂપ બની રહેતો.

સિસ્ટર નિવેદિતા ભારત આવ્યાં. સ્વામી વિવેકાનંદના મનમાં ચિંતા થવા લાગી: હિંદુ સમાજમાં આવકાર મળશે કે કેમ; પણ શ્રીમાએ તો તેમને પોતાની પાસે સ્થાન આપ્યું. જે રૂઢિચુસ્ત સમાજમાં વિદેશની મહિલાને પોતાની પાસે રાખ્યાના સમાચાર ફેલાતાં જ સામાજિક બહિષ્કાર થવાનો ભય માથે તોળાતો હોય ત્યારે કેટલી નૈતિક હિંમત અને કેવી ઉદારતા જોઈએ ! પાછલી સદીનો હિંદુ સમાજ જ્યારે પોતાના રૂઢિચુસ્ત વલણમાં અને પોતે લાદેલા નીતિનિયમોમાં બાંધછોડ કરવા જરા પણ તૈયાર ન હતો. એવા કપરા સમયમાં એક કટ્ટર બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલાં અને ઉછરેલાં, આધુનિક શિક્ષણથી વંચિત હોવા છતાં શ્રીમાએ યુરોપિયન મહિલાને કઈ રીતે આ સ્થાન આપ્યું હશે ?

પ્રાચીન પરંપરામાં રહેવા છતાં એમનું મન આધુનિક પ્રગતિશીલ હતું. એટલે જ સિસ્ટર નિવેદિતાએ યોગ્ય શબ્દોમાં અવલોકન કરતાં કહયું કે, શ્રીમાને પ્રાચીન પરંપરાના અંતિમ પ્રતિનિધિ કહીશું કે આધુનિક સમાજના પહેલાં પ્રતિનિધિ ? અનેક વિદેશી ભક્તો માતાજીનાં દર્શને પણ આવતાં. શ્રીમાના અદ્ભુત અનુશીલન અને ઉદાત્ત આચરણને કારણે એમની સાથે આત્મીયતા, મમતાના ભાવ અનુભવતાં. એકવાર ઈસ્ટરના તહેવાર નિમિત્તે સિસ્ટર નિવેદિતા પાસેથી ધાર્મિક ભક્તિ સંગીત સાંભળવામાં તેઓ એટલાં તો તન્મય થઈ ગયાં હતાં કે અજાણી ભાષામાં એ પ્રાર્થના સાંભળતાં, એના સંગીતના અંતરધ્વનિ આત્મા સુધી તેઓ કઈ રીતે પહોંચી શક્યા હશે એની નવાઈ લાગે છે.

એમની તીક્ષ્ણ બુદ્ધિ, અંતરદૃષ્ટિ, સુંદર વ્યવહારિક જ્ઞાનને કારણે શ્રીમા પોતાના ક્ષેત્રની બહારની બાબતો માટે પણ યોગ્ય અભિપ્રાય આપતાં. પહેલા વિશ્વયુદ્ધને સમયે એક શિષ્યે કહ્યું: પ્રેસિડેન્ટ વિલ્સન વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે અને ભવિષ્યમાં યુદ્ધ ન થાય એવા પ્રયત્નો કરી રહ્યા છે, શ્રીમાએ શાંતિથી, સરળતાથી કહ્યું: એ તો હૈયામાં કંઈ અને હોઠ ઉપર કંઈ. અંગ્રેજ શાસને આપેલી અનેક સુવિધાઓ વિશે એક શિષ્યે વર્ણન કર્યું. ત્યારે શ્રીમાએ એટલું જ કહ્યું: લોકોમાં ગરીબીનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે એ પણ એક હકીકત નથી?

જયરામવાટીમાં નીંચી જાતિના લોકો એમની પાસે ક્યારેક આવતા. શ્રીમાનો સૌને માટે સમદૃષ્ટિનો વાસ્તવિક સ્વભાવ, જરા પણ બદલાતો નહીં. હા, બીજાંઓની હાજરીમાં આ આવનાર લોકો વર્ણવ્યવસ્થાના નિયમોનું પાલન કરે, એટલી સાવચેતી તેઓ જરૂર રાખતાં. કારણ, જો તેઓ એમ ન કરે તો જૂનવાણી ગામડાંમાં ખળભળાટ મચી જાય.

એક સાંજે કોઈ મજૂરબાઈ દૂરના કોઈ ભક્તે મોકલેલ શાકભાજી લઈને શ્રીમા પાસે આવી, ને શ્રીમા પાસે રાત રોકાઈ જવું પડ્યું. રાતના સમયે એને સખત તાવ ચડ્યો અને ઊલ્ટીઓ થઈ. વહેલે મળસ્કે સૌ કોઈ ઊઠે એ પહેલાં તેને રવાના કરી: એની ઉલ્ટી માએ પોતે ધોઈને સાફ કરી નાખી. નહિતર કોઈ ગુસ્સો કરે. વળી, એકવાર એક મુસલમાન મજૂર એમના ઘરની ઓસરીમાં જમવા બેઠો. શ્રીમાની ભત્રીજી નલિની એને પીરસતી હતી. નલિની પોતાના કટ્ટર વિચારોને કારણે દૂરથી ખાવાનું થાળીમાં ફેંકતી હતી. આ જોઈને નલિનીને ઠપકો આપીને શ્રીમા પોતે એની પાસે જમાડવા બેઠાં. જમી રહ્યા પછી એ મજૂર જ્યાં જમ્યો એ જગ્યાને પણ શ્રીમાએ જાતે સાફ કરી. નલિનીએ તો બૂમ પાડી : ફઈબા ! તમારી જાત ગઈ !

હલકા વર્ણના અનેક લોકોને શ્રીમા દીક્ષા આપતાં; પછી પોતાના ઓરડામાં જમાડતાં; શ્રીમા એઠું પણ સાફ કરતાં; એવા પ્રસંગો તો વારંવાર બનતા. એક બ્રાહ્મણ કન્યા પાસેથી આવી સેવા લેવી એ આવી નીચી જાતિના લોકો માટે મહાપાતક ગણાય, એવું સમાજના નિયમોની દૃષ્ટિએ ત્યારે માનવામાં આવતું. સામાન્ય સંજોગોમાં એ લોકો આવી કોઈ સેવા સ્વીકારવા તૈયાર પણ ન થાત, પણ એમને લાગતું કે આ તો પોતાની સગી મા છે. માની પાસે કોઈપણ સંતાનને સંકોચ હોય ?

જનસામાન્યની ગરીબી અને યાતનાઓ જોઈ શ્રીમા ખૂબ દુ:ખી થતાં. રામકૃષ્ણ સેવાશ્રમ દ્વારા ચાલતી અનેક સામાજિક સેવા પ્રવૃત્તિમાં તેઓ ખૂબ રસ લેતાં. કોઈ સાધુ, ભક્ત-સંતાન વળી ફરિયાદ પણ કરે કે આ બધાં કામો મારી સાધનામાં વિક્ષેપરૂપ બને છે ત્યારે શ્રીમા કહેતાં: આ પણ ભગવાનનાં જ કામ છે. જયરામવાટીમાં આસપાસના પાડોશીઓના નાનાંનાનાં કાર્યોમાં તેઓ રસ લેતાં; એમને સહાય કરતાં. શ્રીમાની સહાનુભૂતિ અને સમયસરની મદદ એ લોકોને કપરા સમયમાં મહાન શાતારૂપ હતાં.

માર્ગ ભૂલેલાંઓ પર પણ શ્રીમાનાં અપાર કરુણાના આશીર્વાદ વરસતાં. ક્યારેક અન્ય ભક્તો મૂક વિરોધ કરતા. એકવાર તો સચોટ શબ્દોમાં શ્રીમાએ પૂછ્યું: સંતાન ધૂળમાં રમીને આવે તેથી કંઈ એ પરાયું છે ? બીજા એક પ્રસંગે એમણે કહ્યું: હું સતની પણ મા; અસતની પણ મા. નૈતિક અપરાધને લીધે ગ્લાનિ થઈ, તેથી એક પતિત સ્ત્રી કલકત્તામાં શ્રીમાને મળવા આવી. શ્રીમાના ઓરડામાં પ્રવેશવાની એનામાં હિંમત ન હતી. શ્રીમાને તરત આખી પરિસ્થિતિ સમજાઈ. આગળ આવીને એને અંદર લાવ્યાં. ગળે વળગાડી. મંત્ર દીક્ષા આપી. એને ધીરજ, હિંમત આપતાં કહ્યું: ભૂલ થઈ એટલે શું થયું ? હૃદયના પસ્તાવાને કારણે તારાં અપરાધ ધોવાઈ ગયાં. શ્રીમાએ આપેલ શાતા, ધીરજ અને હિંમતના આ શબ્દોથી જ એ સ્ત્રીના જીવનમાં સમૂળગું પરિવર્તન આવ્યું.

જીવનમાં સાચો રાહ ભૂલીને ભટકી ગયેલાં પર શ્રીમા પોતાનો પ્રેમ વરસાવતાં; પણ એનો અર્થ એવો નહોતો કે એમનો પ્રેમ ફરીવાર ખોટે માર્ગે જવાની એવાઓને સ્વતંત્રતા આપે! ચારિત્ર્યની નાની એવી શિથિલતા તરફ પણ શ્રીમાનું તરત જ ધ્યાન જતું. હમેશાં તેઓ ભલે પોતાની નાખુશી દર્શાવતાં નહીં, પરંતુ આવા અપરાધીને કડક શબ્દોમાં ઠપકો આપતાં. પોતે સંન્યાસી સાધુ છે, એવા અભિમાનમાં રાચનાર સાધુ કે પછી પોતાની કરતા ઉમરમાં નાના સાધુનો અનાદર કરતા ગૃહસ્થને તેઓ સખત શબ્દોમાં ચેતવણી આપતાં; ભવિષ્યમાં, જીવનમાં ભારે હાનિ તરફ સાવધાન કરતાં. એકવાર શ્રીમાના પ્રેમની છત્રછાયા નીચે આવી ગયા એટલે પોતે ફાવે તેવું વર્તન કરવા મુક્ત છે એવું માનનાર ખોટો પડતો. કારણ એની સાથે શ્રીમા સખત થતાં. ક્યારેક આવા પ્રસંગે પોતાને ત્યાંથી દૂર ચાલ્યા જવાનો આદેશ પણ તેઓ આપતાં; જો કે આવા અવસર વિરલ જ હતા.

કોઈ સંતાન શિષ્ય વળી એમ પણ માનતા કે શ્રીમાનો પ્રેમ વર્તમાન અને ભવિષ્યના જીવનમાં રહેલા અમંગળનો વિનાશ કરીને રક્ષણ કરશે. અનેક શિષ્યોની જવાબદારી લેવાનું કેટલું ભગીરથ કાર્ય શ્રીમાએ પોતાને શિરે ઉપાડ્યું હતું ! શ્રીમા વૃદ્ધાવસ્થામાં પણ, માંદગીના સમયે પણ મોટેભાગે પ્રાર્થના, અને ધ્યાન કરતાં. હવે આપને આટલાં બધાં ધ્યાન જપ, પ્રાર્થના કરવાની શું જરૂર રહી છે, એવું કોઈ પૂછે તો માતાજી કહેતાં: મારાં અનેક સંતાનોના કલ્યાણઅર્થે આ બધું કરી રહી છું. એક સ્ત્રી-ભક્તે પૂછયું: હું આપને કેવી રીતે પોકારું ? શ્રીમાએ કહ્યું: સગી મા હોય એવા ભાવથી. પોતાના શિષ્યોને આકરી શારીરિક તપસ્યાના કષ્ટમાંથી પસાર થતાં જોઈને સ્નેહથી ભરપૂર માતૃહૃદય દ્રવી ઊઠતું. અતિશય શારીરિક કઠોરતા કરવા સામે તેઓ ચેતવણી પણ આપતાં. ક્યારેક વળી આધ્યાત્મિક માર્ગે જવું એ તો સાવ સરળ વાત છે એમ માની બેસનારા આળસુ શિષ્યોને નિરંતર કર્મ, પ્રવૃત્તિ કરવા માટે પ્રેરણા આપતાં.

મારી દીકરીને એક અર્ધપાગલ, સામાન્ય સાંસારિક જીવનથી પર એક જમાઈ સાથે પરણાવી છે એ વિચારે શારદાદેવીની માતા શરૂઆતમાં ખૂબ દુ:ખી થતાં. પોતાના સંતાનોને મોઢેથી મા શબ્દ સાંભળવાનો લ્હાવો શારદાને ક્યારેય નહીં મળે એવું તેમને લાગતું. શ્રીરામકૃષ્ણે એમની ચિંતાના જવાબરૂપે કહ્યું હતું: સાસુમા, તમે જરાય ચિંતા ન કરો. તમારી દીકરીને એટલાં બધાં બાળકો હશે કે એ મા શબ્દ સાંભળી સાંભળી થાકી જશે. એમની આ ભવિષ્યવાણી કેટલી સાચી ઠરી ! જો કે શ્રીમા એમનાં બાળકોથી ક્યારેય થાક્યા કે નહીં એ આપણે જાણી શકતાં નથી; પણ એટલું તો નક્કી જ છે કે શારદાદેવીને મા કહીને બોલાવનારા જેટલાં પ્રેમાળ બાળકો હતાં

એટલાં દુનિયાની બીજી કોઈ માને નહીં હોય. એક ભક્તે તો એમને કહ્યું પણ ખરું: મા કહેનારા મારી જેમ અનેક સંતાનો હશે, પણ મારી પાસે તમારા જેવી વહાલી મા તો તમે એક જ છો.

શ્રીમાનાં જીવનકાર્ય ઉપર પ્રકાશ ફેંકતાં સ્વામી વિવેકાનંદ કહે છે: શક્તિ સિવાય જગતનો પુનરુદ્ધાર નથી. આપણો દેશ બધા દેશોથી વધારે નબળો અને પાછળ શા માટે છે ? કારણ કે અહીં શક્તિનું અપમાન થાય છે. ભારતમાં તે અદ્‌ભુત શક્તિને પુનર્જીવિત કરવા માતાજી (શ્રીશારદાદેવી) એ જન્મ ધારણ કર્યો છે; અને તેમને કેન્દ્ર બનાવવાથી જગતમાં ગાર્ગીઓ અને મૈત્રેયીઓ ફરી એક વખત જન્મશે.

એક આદર્શ ગુરુ, એક ઉત્તમ માતા કે શ્રેષ્ઠ પત્નીનાં અનેક ઉદાહરણો આપણને ઈતિહાસ કે પુરાણમાં મળી આવશે. પરંતુ જેમનામાં આ બધા જ જુદાં જુદાં રૂપોનો સર્વાંગસુંદર સમન્વય થયો હોય એવાં તો એકમાત્ર શ્રીમા શારદાદેવી જ હતાં.

• • •

ગુજરાતી સિનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૨. ભારતના પુનરુત્થાન માટે

પવિત્રતાની પ્રબળ ભાવનાથી પ્રજ્વલિત થયેલા, ઈશ્વરમાં અનંત શ્રદ્ધા રાખીને દૃઢનિશ્ચયી બનેલાં; દીન, અધ:પતિત તથા પદદલિત લોકો પ્રત્યેની સહાનુભૂતિ ધરાવતાં, સિંહની જેવી હિંમત રાખીને મુક્તિ, સહાય, સામાજિક ઉત્થાન અને સમાનતાનો બોધ આપતાં એક લાખ સ્ત્રીપુરુષોએ દેશના એક છેડાથી બીજા છેડા સુધી ઘૂમિ વળવું જોઈએ.

નિરાશ ન થશો; ગીતામાં ભગવાને કહ્યું છે તે યાદ કરો. કર્મમાં તારો અધિકાર છે, ફળમાં નહિ. કટિબદ્ધ થાઓ, વત્સ ! આ કાર્યને માટે જ ઈશ્વરે મને જન્મ આપ્યો છે. હું આખી જિંદગી વિપત્તિ અને અત્યાચારોમાં ઘસડાયો છું; સ્વજનો અને સ્નેહીઓને લગભગ ભૂખમરાથી મરતાં મેં જોયાં છે; ઉપહાસ અને અવિશ્વાસનો હું ભોગ બન્યો છું તથા જે માણસો મને હસી કાઢે અને તિરસ્કારે તેમના જ પ્રત્યે સહાનુભૂતિ દાખવવા માટે મારે ઘણું સહન કરવું પડ્યું છે. પણ વત્સ ! જો આ જગત વિપત્તિની શાળા છે, તેમ મહાત્માઓ અને પયગમ્બરોને માટે એ દયા, ધૈર્ય, તેમ જ મુખ્યત્વે તો પગ પાસે વિશ્વના ચૂરેચૂરા થાય તોપણ ડગે નહિ એવું મનોબળ કેળવવાની પણ શાળા છે. હું તેમની દયા ખાઉં છું. તેઓનો કંઈ દોષ નથી. સમાજમાં ભલે તેઓ મોટા હોય અને ઉચ્ચ સ્થાને વિરાજતા હોય; છતાં તેઓ બાળકો છે, ખરેખર બાળકો છે. પોતાની દિનચર્યા, ખાવું, પીવું, કમાવું, સંતાનો પેદા કરવાં; ગણિતના જેવી ચોકસાઈથી એકબીજાને અનુસરવું-આવી તેમની સાવ નજીક રહેલી ક્ષુદ્ર, ક્ષિતિજથી આગળ તેમની આંખો કશું જોઈ શક્તી નથી. આટલાંથી બહારનું કશું તેઓ જાણતા નથી, આ સ્વસુખમાં રાચતા અલ્પ આત્માઓ ! તેમની ઊંઘમાં કદી ખલેલ પડતી નથી. સદીઓના જુલમનાં પરિણામરૂપે ભારતમાં પ્રવર્તી રહેલા સંતાપો, દુ:ખ, અધ:પતન અને ગરીબીની ચીસો, તેમનાં જીવન રૂપી સુંદર દીવાનખાનામાં કદાપિ ખલેલ પાડતાં નથી. યુગોથી ચાલ્યા આવતા માનસિક, નૈતિક અને શારીરિક જુલમોએ પ્રભુની

પ્રતિકૃતિ સમા મનુષ્યને કેવળ ભારવાહી પશુની કોટિમાં ઉતારી દીધો છે; જગદંબાના પ્રતીક સમી સ્ત્રીને સંતાન પેદા કરનાર ગુલામડી બનાવી મુકી છે, અને ખુદ જિંદગીને એક શાપરૂપ કરી મૂકી છે. તેનો તેમને સ્વપ્નેય ખ્યાલ નથી. પરંતુ બીજા કેટલાક એવા છે કે જેઓ આ બધું જુએ છે, જેમને લાગી આવે છે અને પોતાના હૃદયમાં લોહીના આંસુ વહાવે છે. આવા લોકો માને છે કે આનો ઉપાય છે જ. અને કોઈ પણ ભોગે, પ્રાણત્યાગ કરવો પડે તોપણ, આ ઉપાય અજમાવવા માટે તેઓ તૈયાર છે. અને આવા લોકોને જ પ્રભુનું રાજ્ય સાંપડે છે.

કહેવાતા ધનિકોનો વિશ્વાસ કરશો નહિ; તેઓ જીવતા કરતાં મરેલા વધારે છે. મને વિશ્વાસ છે તમારા જેવા નમ્ર, ગરીબ છતાં નિમકહલાલ મનુષ્યોમાં. દુ:ખી મનુષ્યો પ્રત્યે સહાનુભૂતિ રાખો અને સહાય માટે ઊંચે-અર્થાત્ ઈશ્વર પ્રત્યે-નજર કરો. એ સહાય અચૂક આવી મળશે. મારા હૃદય પર આ બોજો ધારણ કરીને અને મગજમાં આ વિચાર રાખીને બાર બાર વર્ષો સધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘરે ઘરે ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અર્ધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવ્યો છું. ઈશ્વર મહાન છે: હું જાણું છું કે તે મને સહાય કરશે. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય; પણ યુવાનો ! ગરીબ, અજ્ઞાન અને દલિતો માટેનો આ જંગ અને સહાનુભૂતિની ભાવના હું તમને વારસામાં સોંપું છું. અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ અને જે ગોકુળના દીન અને નમ્ર ગોવાળિયાઓના મિત્ર હતા, જેણે અંત્યજ ગુહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, જેણે બુદ્ધાવતારમાં ભદ્ર કુળના કુલીનોનાં આમંત્રણને ઠેલીને એક વેશ્યાનું આમંત્રણ સ્વીકાર્યું હતું અને તેને તારી હતી; એવા પ્રભુ આગળ તમારું શિર નમાવો. તથા જેમના માટે એ પ્રભુ વારંવાર અવતાર ધારણ કરે છે, જેમને એ સૌથી વિશેષ ચાહે છે એવા ગરીબ, અધમ અને દલિતો માટે મહાન બલિદાન, સમસ્ત જીવનનું બલિદાન આપો ! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ ત્રીસ કરોડ લોકોની મુક્તિ માટે તમારું આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો.

એ એક દિવસનું કાર્ય નથી; અને એનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ કે ભગવાન પાર્થસારથિ આપણા સારથિ થવાને તૈયાર છે અને તેના નામથી અને તેનામાં અખૂટ શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર જમા થયેલા, વિપત્તિઓના ડુંગરને સળગાવી મૂકો; એ બળીને ભસ્મ થઈ જશે. તો, બંધુઓ ! આવો; તે પરિસ્થિતિનો સામનો કરો. એ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ, પરમેશ્વરનાં સંતાનો છીએ. પ્રભુની જય

હો ! આપણે સફળ થશું જ. જંગમાં સેંકડો ખપી જશે. પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે. સફળતા પ્રાપ્ત કર્યા વગર કદાચ મારું મૃત્યુ થાય, તોપણ બીજો એ કાર્ય હાથ ધરશે. રોગ તમે પારખ્યો છે ને ઔષધનો તમને ખ્યાલ છે, માત્ર શ્રદ્ધા રાખો. કહેવાતા ધનિકો અને મોટા માણસો પ્રત્યે મીટ માંડો નહીં. હૃદયહીન બુદ્ધિજીવી લેખકો અને તેમના ઠંડે કલેજે લખેલા છાપાના લેખોની પરવા કરો નહીં. શ્રદ્ધા અને સહાનુભૂતિ-જ્વલંત શ્રદ્ધા અને જ્વલંત સહાનુભૂતિની જરૂર છે. જીવન કંઈ નથી, મૃત્યુ કંઈ નથી, ભૂખ ને ટાઢ પણ કંઈ જ નથી. પ્રભુનો જય જયકાર હો ! આગળ ને આગળ ધપો. બંધુઓ ! આમ અને આ જ રીતે આપણે આગેકૂચ કરીશું. એક જણ પડશે તો બીજો એનું કાર્ય ઉપાડી લેશે.

પાશ્ચાત્ય દેશમાં જન્મેલો દરેક માનવી જાણે છે કે હું સ્વતંત્ર છું, જ્યારે હિન્દમાં જન્મેલો દરેક માનવી માને છે કે હું સમાજનો ગુલામ છું. એ તો દીવા જેવું છે કે વિકાસ માટેની એક માત્ર અનુકૂલ પરિસ્થિતિ છે સ્વાતંત્ર્ય; એને ખૂંચવી લો, તો પરિણામ અધ:પતન જ આવશે. હવે આધુનિક હરીફાઈ દાખલ થતાં જુઓ કે જ્ઞાતિપ્રથા કેવી ઝપાટાબંધ અદૃશ્ય થતી જાય છે. એનો નાશ કરવા માટે હવે કોઈ ધર્મની જરૂર નથી. આજે ઉત્તમ હિંદમાં બ્રાહ્મણ દુકાનદાર, બ્રાહ્મણ મોચી અને બ્રાહ્મણ દારૂ ગાળનાર, સામાન્ય છે. એનું કારણ શું ? એનું કારણ છે હરીફાઈ. કોઈપણ માણસને પોતાના ગુજરાન માટે ફાવે તે ધંધો કરવામાં રુકાવટ નથી, અને એથી ગળાંકાપ હરીફાઈ જામી છે. આમ, હજારો માણસો અધમ સ્થિતિમાં સબડ્યા કરવાને બદલે જેને માટે તેઓ જન્મ્યા હતા તે સર્વોદય સ્થિતિએ પહોંચી જવાનો પુરુષાર્થ કરી રહ્યાં છે.

દિનપ્રતિદિન મને અનુભવ થતો જાય છે કે ઈશ્વર મારો સહાયક છે, અને હું એના નિર્દેશને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની ઈચ્છા જ પૂર્ણ થાઓ ! .. જગતના હિતને માટે આપણે મહાન કાર્યો કરીશું જ, પરંતુ તે પણ કર્તવ્ય સમજીને, નામ અને કીર્તિ કમાવા માટે નહીં.

**Ours not to reason why, ours but to do & die.**

આપણું કર્તવ્ય છે કે આદેશ પાલન કરતાં કરતાં મૃત્યુને ભેટવું, નહીં કે કર્તવ્ય વિશે પ્રશ્નો ઉઠાવ્યા કરવા. હિંમત રાખો અને એવી ભાવના કેળવો કે પરમેશ્વરે આપણને મહાન કાર્યો કરવા માટે જ પસંદ કર્યા છે. અને એ કાર્યો આપણે કરીશું જ. તમે તૈયાર રહેજો : એટલે કે શુદ્ધ અને પવિત્ર થજો અને પ્રેમની ખાતર પ્રેમ કેળવજો. દીન, દુ:ખી અને દલિતો પ્રત્યે પ્રેમ રાખજો. ઈશ્વરના આશીર્વાદ તમારા પર ઊતરશે. રામનાડના રાજા અને લોકોને અવારનાર મળતા રહેજો અને ભારતની જનતા પ્રત્યે સહાનુભૂતિ

રાખવાનો તેમને આગ્રહ કરજો. ગરીબોને તેઓ કેવી રીતે કચડી રહ્યા છે એ તેમને કહેજો, અને તેમને જણાવજો કે તેઓ ગરીબોનાં ઉત્થાન માટે પ્રયત્ન નહીં કરે તો તેઓ મનુષ્ય કહેવડાવવાને યોગ્ય નથી. નિર્ભય બનો. પરમેશ્વર તમારી સાથે જ છે અને એ ભારતના ભૂખે મરતા લાખો અજ્ઞાન લોકોનો ઉદ્ધાર કરશે.

સુશિક્ષિત યુવાનો ઉપર અસર કરવાનો પ્રયાસ કરો, તેમને એકત્રિત કરીને સુવ્યવસ્થિત કરો. મહાન કાર્ય તો મહાન બલિદાનથી જ પાર પડે છે. સ્વાર્થનો ત્યાગ કરો. તમારી, મારી કે સ્વયં મારા ગુરુની પણ નામના, કે કીર્તિની ખેવના ન રાખો ! વત્સો ! વીર, ઉદાર, ઉદાત્ત યુવાનો ! આપણી ભાવનાને, આપણી યોજનાને સફળ બનાવો. કાર્ય આગળ ધપાવવા માટે પૈડાંઓને તમારા ખભાઓનો ટેકો આપો ! નામના, કીર્તિ કે એવી કોઈ નકામી વસ્તુની આશાથી તમારી ગતિને રોકશો નહીં. સ્વાર્થને ફેંકી દઈને કામમાં લાગી જાઓ. યાદ રાખજો કે ઘાસનાં તણખલાંને એકત્ર કરીને બનાવેલું દોરડું હાથીને પણ બાંધી શકે છે. પ્રભુના આશીર્વાદ તમારા સૌની ઉપર હો ! ઈશ્વરની શક્તિનો તમારા સૌમાં આવિર્ભાવ થાઓ; હું તો માનું છું કે એ શક્તિ તમારા સૌમાં રહેલી જ છે. વેદો કહે છે: ઊઠો જાગો અને લક્ષ્ય-સિદ્ધિ કર્યા વિના જંપો નહીં. ઊઠો, ઊઠો, દીર્ઘ રાત્રિ પૂરી થવા આવી છે. દિવસ ઉગવાની તૈયારી છે, ભરતીનું મોજું ઊંચે ચડ્યું છે, એના પ્રચંડ ધસારાને રોકવાની, કોઈની પણ તાકાત નથી. વીરતા બતાવો, મારા નવયુવક ! વીરતા બતાવો. પ્રેમની ભાવના કેળવો, મારાં બાળકો ! પ્રેમની ભાવના કેળવો. શ્રદ્ધા રાખો. વિશ્વાસ રાખો, અને ભયને તિલાંજલિ આપો ! ભય એ જ મોટામાં મોટું પાપ છે.

તમને સૌને મારા આશીર્વાદ છે. આપણા કાર્યમાં સહાયભૂત થયેલા સૌ ઉદારચરિત ભાઈઓને કહેજો કે તેઓ પ્રત્યે હું સદાને માટે પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. પરંતુ હું તેમને વિનંતી કરું છું કે તેઓ આપણા કાર્યમાં શિથિલ ન બને. એ વિચારનો ખૂબ ફેલાવો કરો. અભિમાન રાખશો નહીં; સિદ્ધાંત વિષે જિદ્દી બનશો નહીં; કોઈ પણ બાબતનો વિરોધ કરશો નહીં; આપણું કાર્ય તો રસાયણોને ભેગાં કરવાનું જ છે, પણ એનું સ્ફટિકરૂપ ક્યારે અને શી રીતે બંધાશે એ તો પરમેશ્વર જ જાણે છે. સૌથી વધુ તો એ કે મારા કે તમારા કાર્યની સફળતાથી ફુલાઈ જશો નહીં. ભવિષ્યમાં મહાન કાર્યો કરવાનાં છે; ભાવિમાં જે બનવાનું છે તેની સરખામણીમાં આ અલ્પ સફળતાનું મૂલ્ય કેટલું ? માનો, અરે માનો કે આદેશ થઈ ચૂક્યો છે, ઈશ્વરીય આજ્ઞા નીકળી ચૂકી છે કે ભારતનું ઉત્થાન અવશ્ય થશે અને ભારતની જનતા અને ગરીબ પ્રજા સુખી થવાનાં છે. આનંદિત થાઓ કે આ કાર્યના નિમિત્ત બનવા માટે પરમેશ્વરે તમારી વરણી કરી છે. આધ્યાત્મિકતાનું પૂર ચડવા લાગ્યું છે. હું જોઈ રહ્યો

છું કે નિર્બંધ, અફાટ અને સર્વગ્રાસી એ પૂર ભારતભૂમિ ઉપર ધસી રહ્યું છે. એકએક જણ આગળ આવી જાય; દરેકેદરેક શુભ સંકલ્પ એ વેગમાં ભળશે અને દરેકેદરેક જણ પોતાના હાથથી એના વહનનો માર્ગ સરળ કરતો જશે. જય હો પરમેશ્વરનો...

મને કશી મદદની જરૂર નથી. એક ફંડ એકઠું કરવાનો પ્રયાસ કરો, અને તેમાંથી થોડાંએક મેજિક-લેન્ટર્નો, નકશા, પૃથ્વીના ગોળા વગેરે ચીજો તેમ જ થોડાંએક રસાયણો ખરીદ કરો. દરરોજ સાંજે ગરીબ તેમ જ નીચલા વર્ગના લોકોને એકત્ર કરો; ભંગીઓને સુદ્ધાં; અને પહેલાં તો તેમની સમક્ષ સદાચાર વિશે પ્રવચન આપો; અને ત્યાર બાદ મેજિક-લેન્ટર્ન તેમ જ અન્ય સાધનો દ્વારા, એ લોકોની ભાષામાં જ એમને ખગોળ, ભૂગોળ આદિ વિષયોનું જ્ઞાન આપો. ઉત્સાહથી થનગનતા યુવકોની એક ટુકડીને તાલીમ આપીને તૈયાર કરો. એમનામાં તમારી ધગશ પ્રગટાવો અને ઉત્તરોત્તર તેનું ક્ષેત્ર વિશાળ કરતાં કરતાં એ કાર્યનો વિસ્તાર કરતા રહો. બને તેટલું ઉત્તમ કાર્ય કરો. બધુંય પાણી ખૂટી જશે ત્યારે નદી ઓળંગીશું, એમ વાટ જોતા બેસી ન રહો. બેશક, સામયિકો, વર્તમાનપત્રો વગેરે છાપવાં એ સારું છે; પણ વત્સો ! હરહંમેશ લખ્યા જ કરવું કે વાતો કર્યા કરવી એ કરતાં અત્યંત નાના પાયા પરનું, પણ ખરેખરું કાર્ય ભલે અતિ અલ્પ હોય, તોપણ એ વધારે સારું છે. થોડા પૈસા ભેગા કરો અને મેં હમણાં જ કહી તે વસ્તુઓ ખરીદ કરો; એક ઝૂંપડી ભાડે રાખો અને કાર્ય શરૂ કરો. સામયિકો છપાવવાનું કાર્ય તો ગૌણ છે, પણ આ કાર્ય મુખ્ય છે. જનતા ઉપર તમારો પ્રભાવ હોવો જોઈએ. શરૂઆત નાની છે એથી ડરી જતા નહીં; ભવિષ્યમાં મહાન કાર્યો બનશે. હિંમતવાન બનો, તમારા બંધુઓ પર હુકમ ચલાવીને એમને દોરવાનો પ્રયત્ન કરશો નહીં, પરંતુ એમની સેવા કરજો. અન્યને દોરવાના પાશવી ઉન્માદે જીવનસાગરમાં અનેક મહાન નૌકાઓને ડુબાવી દીધી છે. ખાસ કરીને આ ધ્યાનમાં રાખજો કે મૃત્યુની ઘડી સુધી નિઃસ્વાર્થ રહેજો અને કાર્ય કરજો. મારે જે કહેવાનું હતું તે સઘળું હું લખી શક્યો નથી, પરંતુ મારા બહાદુર યુવકો ! પ્રભુ તમને સઘળી સમજણ આપી રહેશે. વત્સો ! કાર્યનો આરંભ કરી દો. પરમેશ્વરનો જય હો !...

વત્સો ! કામમાં લાગી જાઓ, એટલે આપોઆપ તમારામાં ઉત્સાહ પ્રગટશે. આપણી પ્રકૃતિમાં વ્યવસ્થાશક્તિનો સદંતર અભાવ છે; પરંતુ એ શક્તિ આપણે પ્રગટાવવી પડશે. મહાન રહસ્ય છે - ઈર્ષ્યાથી દૂર રહેવું. તમારા મિત્રોના અભિપ્રાય સાથે બાંધછોડ કરવા હંમેશા તત્પર રહેજો. અને સર્વદા સમાધાનભર્યું વલણ દાખવવાનો પ્રયાસ કરજો. આમાં બધું આવી જાય છે. વીરતાપૂર્વક સંઘર્ષ કરો! જીવન ક્ષણભંગુર છે ! કોઈ મહાન કાર્ય માટે જીવન સમર્પણ કરી દો.

• • •

ગુજરાતી સિનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૩. ચારિત્ર્ય ઘડતર માટેની કેળવણી

કોઈ પણ માણસનું ચારિત્ર્ય એટલે તેની વૃત્તિઓનો સમૂહ, તેના માનસિક વલણોનો સરવાળો, સુખ અને દુ:ખ બંને એના આત્મા પાસેથી પસાર થાય ત્યારે તેના પર વિવિધ ચિત્રોની છાયા મૂકતાં જાય છે, અને આ સર્વ સંમિશ્રિત અસરોનું પરિણામ એ જ ચારિત્ર્ય. આપણે અત્યારે જે કંઈ છીએ એ આપણા વિચારોના હળવા ઘા જેવો દરેક વિચાર છે, અને તેના દ્વારા આપણે જે બનવા માગીએ છીએ તે બનીએ છીએ. શબ્દો તો ગૌણ છે, વિચારો જ જીવંત છે. વિચારો ઘણે દૂર સુધી પહોંચી શકે છે. તેથી તમે વિચારોના સંબંધમાં સાવધાન રહો.

મનુષ્યના ચારિત્ર્ય ઘડતરમાં સુખ અને દુ:ખ બંને તત્ત્વો સમાન હિસ્સો ધરાવે છે. અને કોઈ કિસ્સામાં તો સુખ કરતાં દુ:ખ મનુષ્યનું ચારિત્ર્ય-ગઠન કરવામાં વધુ સારો શિક્ષક સાબિત થયો છે. માનવજાતને ચરણે જગતે મહાપુરુષોની જે ભેટ ધરી છે તેમનાં જીવનમાં જો આપણે ડોકિયું કરીએ, તો હું ખાતરીપૂર્વક કહી શકું કે મોટા ભાગના મહાપુરુષોના જીવનનું ઘડતર સુખ કરતાં દુ:ખથી વધુ થયું છે, દોલત કરતાં ગરીબીમાં વધુ સારી રીતે પાંગર્યું છે અને પ્રશંસા કરતાં ટીકાના વેધક પ્રહારોએ જ તેમના ભીતરના અગ્નિને પ્રગટાવ્યો છે એવું જણાશે. મોજશોખને ખોળે ઊછરીને, ગુલાબની પથારીમાં પડ્યા પડ્યા, આંસુનું એકે ટીપુંયે પાડ્યા વિના ભલા કોણ મહાન થઈ શક્યું છે ? જ્યારે હૈયામાં વેદના ઊપડે છે, જ્યારે ગમગીનીના વાયરાઓ ચારે બાજુ પોતાનો ઝાપટો લગાવે છે, અને પ્રકાશનું એક કિરણ પણ ક્યાંયે દેખાતું નથી; જ્યારે હિંમત અને આશા પણ આપણે ગુમાવી બેઠા હોઈએ ત્યારે ભયંકર આંતરિક ઝંઝાવાતની વચ્ચે પેલો આત્મજ્યોતિ પ્રકાશી ઊઠે છે.

મનને જો સરોવરની ઉપમા આપીએ તો, મનમાં ઊઠતું વિચારનું દરેક વમળ, દરેક મોજું સંપૂર્ણપણે તો વિલીન થતું જ નથી. પરંતુ તેમાં એક પ્રકારની નિશાની

મુક્તું જાય છે. અને ફરી એ તરંગ ઊઠે એ જાતની સંભાવનાનું નિર્માણ પણ કરે છે. આપણું દરેક કાર્ય, આપણા શરીરની દરેક હિલચાલ, આપણો દરેક વિચાર આપણા ચિત્ત પર આ જ પ્રકારના સંસ્કાર પાડે છે અને બાહ્ય દૃષ્ટિએ સપાટી પર ન દેખાતી આ છાપ અજાગૃતપણે પણ આંતરિક જગતમાં તો પોતાનું કામ ચાલુ જ રાખે. ક્ષણ-પ્રતિક્ષણનું આપણું વર્તન એ ચિત્ત પર પડેલા આ સંસ્કારોનું જ સર્જન છે. પ્રત્યેક મનુષ્યનું ચારિત્ર્ય આ સંસ્કારોના સમૂહથી નિશ્ચિત બને છે. જીવનમાં જો શુભ સંસ્કારોનું પ્રાબલ્ય હોય તો ચારિત્ર્ય પણ શુદ્ધ બને છે અને જો અશુભ સંસ્કારો જીવનનો કબજો લે, તો ચારિત્ર્ય પણ અશુદ્ધ બને છે. જો માણસ સતત અભદ્ર વાણી સાંભળ્યા કરે, ખરાબ વિચારો કર્યા કરે કે હલકાં કૃત્યો કર્યે રાખે તો એના ચિત્તમાં ગંદા-ગોબરા જ ચિત્રો ઉપસવાના, અને અજાણપણે પણ એ મનુષ્યના જીવનમાં અને કાર્યોમાં અવશ્ય અસર પાડવાના. હકીકતમાં આ કુસંસ્કાર નિરંતર પોતાનું કાર્ય તો ચાલુ જ રાખે છે. આ સંસ્કાર વ્યક્તિમાં કુકર્મ કરવાની વૃત્તિ ઊભી કરે છે, અને પછી તો એ માણસ મશીનની માફક એ વૃત્તિનો ગુલામ બની જાય છે.

એ જ રીતે જો કોઈ મનુષ્ય શુભ નું ચિંતન કરશે, સારાં કૃત્યો કરશે, તો આ સંસ્કારોનું પરિણામ પણ સારું આવશે. અને પરાણે પણ આ સંસ્કારો તેને સત્કર્મ કરવાની ફરજ પાડશે. જ્યારે મનુષ્યના હાથે સત્કર્મો જ થયા હોય છે અને જ્યારે તેણે સુવિચારને જ જીવનમાં સ્થાન આપ્યું હોય છે ત્યારે, એના મનમાં માનવમાત્રનું ભલું કરવાની અનિવાર્ય વૃત્તિ ઊભી થાય છે. તે કોઈનું બૂરું કરવા ધારે તોપણ શુભ સંસ્કારોથી બળવત્તર બનેલું મન તેને તેમ કરતાં રોકે છે. તે સંપૂર્ણપણે શુભવૃત્તિઓથી પ્રભાવિત થયો હોય છે. જ્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે, ત્યારે મનુષ્યનું ચારિત્ર્ય સ્થાપિત થઈ ચૂક્યું છે, એમ સમજવું. વ્યક્તિના ચારિત્ર્યનો નિર્ણય કરવો હોય તો માત્ર એના મોટાં કાર્યો જ તપાસવાનાં ન હોય. વ્યક્તિ નાનાં નાનાં કાર્યો કરતી હોય ત્યારે તેને જોવી જોઈએ. આ નાના કાર્યોમાંથી મહાન વ્યક્તિના સાચા ચારિત્ર્યની પિછાન થશે. મહાન સંયોગો ક્ષુદ્રમાં ક્ષુદ્ર વ્યક્તિને પણ કોઈ પ્રકારની મહત્તા પ્રાપ્ત કરવા પ્રેરે છે, પણ એ જ ખરી મહાન વ્યક્તિ છે, જે હરકોઈ કાર્ય કરતી વખતે ચારિત્ર્યથી એટલી જ મહાન રહે છે.

મનમાં આ પ્રકારના સંસ્કારો જ્યારે મોટા પ્રમાણમાં પડ્યા રહે છે ત્યારે તેઓ એકત્રિત થઈને ટેવમાં પરિણમે છે. એમ કહેવામાં આવે છે કે ટેવ એ બીજી પ્રકૃતિ છે. ટેવ એ માનવનો પ્રથમ સ્વભાવ પણ છે-સમગ્ર સ્વભાવ છે. આપણે અત્યારે જે કંઈ છીએ તે ટેવના ફળ સ્વરૂપે જ છીએ, અને આ એક મોટું આશ્વાસન પણ છે.

કારણ કે જે કંઈ છે તે ટેવનું જ પરિણામ હોય તો આપણે ગમે ત્યારે ખરાબ ટેવો દૂર કરી શકીએ અને સારી ટેવો સ્વીકારી શકીએ. ખરાબ ટેવોને દૂર કરવાનો એકમાત્ર ઉપાય સારી ટેવો પાડવાનો છે. ખરાબ ટેવોનો પ્રતિકાર સારી ટેવો દ્વારા જ કરી શકાય. હમેશાં સત્કર્મ કર્યે જાઓ, મનને પવિત્ર વિચારોથી ભર્યે જાઓ. નીચ સંસ્કારોને દાબી દેવાનો એ જ એક માત્ર રસ્તો છે. એમ કદી પણ કહેશો નહીં, કે અમુક માણસમાં સુધરવાની શક્યતા જ નથી, કેમ કે એ તો અમુક જાતના ચારિત્રને પ્રદર્શિત કરે છે, અમુક પ્રકારની ટેવોને વ્યક્ત કરે છે. એ ટેવોને દૂર કરવાનો ઉપાય નવી અને વધુ સારી ટેવોનું બીજ રોપવું એ જ છે. ચારિત્ર્ય એ ફરી ફરી પ્રદર્શિત થતી ટેવોનો સમૂહમાત્ર છે. અને આ પુનરાવર્તિત ટેવો જ માનવ ચારિત્ર્યને સુધારવામાં ઉપયોગી બને છે.

બહારથી દેખાતા દરેક અનિષ્ટનું મૂળ તો આપણી અંદર જ રહેલું છે. કોઈક અતીન્દ્રિય તત્ત્વને દોષ દેશો નહીં, નિરાશ થશો નહીં, હિંમત હારશો નહીં, એવું હીન વિચારશો પણ નહીં કે આપણે જયાં છીએ, જે જગ્યાએ છીએ, ત્યાંથી આપણે કદી પણ છુટકારો મેળવી શકીશું નહીં, સિવાય કે કોઈ આવીને આપણને સહાય કરે. આપણે તો રેશમના કીડા જેવા છીએ. આપણી અંદરથી જ આપણે તાંતણા કાઢીએ છીએ અને કોશેટા તૈયાર કરીએ છીએ. અને થોડા સમયમાં તેમાં કેદ બની જઈએ છીએ. કર્મની આ જાળ આપણે આપણી આસપાસ ગૂંથી છે. અજ્ઞાનને કારણે આપણે બદ્ધ છીએ એમ માનીને મદદ માટે રોકકળ કરીએ છીએ. પરંતુ એ મદદ કે સહાય ઉપરથી વરસતી નથી. એ તો આપણી અંદરથી જ આવે છે. બ્રહ્માંડના બધા જ દેવતાઓને સહાય માટે પોકાર કરો. મેં પણ વર્ષો સુધી ઈશ્વરને પોકાર કર્યો હતો અને છેવટે સહાયની પ્રાપ્તિ પણ થઈ હતી. પરંતુ એ સહાય મારી પોતાની અંદરથી જ મળી હતી. ભ્રાંતિથી આજ દિવસ સુધી મેં જે કંઈ કૃત્યો કર્યાં હતાં તે બધાં મારે સુધારવાં પડ્યાં. મારી આસપાસ ગૂંથેલી જાળને મારે કાપવી પડી. મેં પણ મારા જીવનમાં અનેક ભૂલો કરી છે. પરંતુ એટલું યાદ રાખો કે હું આજે જે છું, તે એ ભૂલોને લીધે જ છું. આનો અર્થ એવો રખે કરતા કે તમે ઘેર જઈને ઈરાદાપૂર્વક ભૂલો કરવા માંડો, મહેરબાની કરીને એવી ગેરસમજ ન કરશો. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે તમે જે કંઈ ભૂલો કરી છે તેથી ખિન્ન બનશો નહીં.

આપણે ભૂલો કરીએ છીએ કારણ કે આપણે નિર્બળ છીએ. આપણે નિર્બળ છીએ કારણ કે આપણે અજ્ઞાની છીએ. પણ આપણને અજ્ઞાની બનાવે છે કોણ? આપણે પોતે જ. આંખો પર હાથ ઢાંકી દઈને આપણે રડીએ છીએ કે અહીં અંધકાર છે. આંખ પરથી હાથ ઉઠાવી લો અને માનવ-આત્માના સ્વયં પ્રકાશિત સ્વભાવરૂપે

પ્રકાશ હમેશાં આપણા માટે અસ્તિત્વ ધરાવે છે. આધુનિક વિજ્ઞાનીઓ શું કહે છે એ તમે જાણતા નથી ? ઉત્ક્રાંતિનું કારણ શું છે ? ઈચ્છા. પ્રાણી કંઈક કરવા ઈચ્છે છે પણ તેને અનુકૂળ વાતાવરણ મળતું નથી, અને તેથી એ નવો દેહ ધારણ કરે છે. આ નવા દેહની ઉત્ક્રાંતિનો કર્તા કોણ ? પ્રાણી પોતે જ, તેની ઈચ્છાશક્તિ. તો પછી તમારી આ ઈચ્છા શક્તિને કામે લગાડો અને એ તમને ઉન્નતિને માર્ગે દોરી જશે. ઈચ્છાશક્તિ સર્વશક્તિમાન છે. ઈચ્છાશક્તિ જો સર્વશક્તિમાન હોય તો હું કંઈ કરવા ધારું છું, એ કરી કેમ શક્તો નથી એવું તમને થાય. પરંતુ તમે તો તમારા નાનકડા જીવનો જ વિચાર કરો છો. અમીબાથી શરૂ કરીને માનવદેહ મળ્યો ત્યાં સુધીની જીવન-શૃંખલા પર જરા નજર કરો. આ બધાંનો સર્જક કોણ? તમારી પોતાની ઈચ્છાશક્તિ. એ સર્વશક્તિમાન છે એ હકીકતને નકારી શકશો ? જેણે તમને ઉત્ક્રાંતિનાં ક્રમમાં ટોચ પરનું સ્થાન આપ્યું એ જ તમને હજુ પણ વધુ ઊંચે લઈ જઈ શકે. જરૂર છે માત્ર ચારિત્ર્યની, પ્રબળ ઈચ્છાશક્તિની. તમેજ તમારા ચારિત્ર્યનું નિર્માણ કરો.

મહાન કાર્યો લાંબા સમય સુધી જબરો અને એકધારો પ્રયાસ માંગે છે. એમા જો થોડા પ્રયાસો નિષ્ફળ જાય તો આપણે ઘભરાવાની જરૂર નથી એ તો સ્વાભાવિક છે કે ઘણા નિષ્ફળ જાય, તકલીફો આવે, ભયંકર મુશ્કેલીઓ નડે અને જ્યારે આધ્યાત્મિકતાના અગ્નિથી તેમને નસાડવાનો પ્રયાસ થાય ત્યારે સ્વાર્થ અને માનવહૃદય માં વસતા બીજાં બધાજ શેતાનો સખત સામનો કરે. ભલાઈનો માર્ગ વિશ્વમાં ઘણોજ કઠીન અને આકરા સીધા ચઢાણવાળો છે. આટલા બધા સફળ થાય છે; અનેક નિષ્ફળ જાય છે તેમાં કંઈજ આશ્ચર્ય નથી. હજારો ઠોકરો ખાઈને ચારિત્ર્યને દૃઢ કરવાનું છે.

તમારી જાતને શુદ્ધ કરો એટલે જગત પણ શુદ્ધ થવાનું આ એક બાબત આજે પહેલાના કરતાય વધારે પ્રમાણમાં શિખવવાની જરૂર છે. આપણે પાડોશીની પંચાતમાં વધારે પડીએ છીએ. પણ આપણા પોતા વિશે બહુ ઓછો ખ્યાલ રાખીએ છીએ. આપણે પરીવર્તન પામીશું તો જગત પરીવર્તન પામશે; આપણે જો શુદ્ધ હોઈશું તો જગત શુદ્ધ થશે. પ્રશ્ન એ છે મારે બીજાઓમાં બુરૂ જોવુંજ શા માટે જોઈજે ? હું પોતે ખરાબ ન હોઉ તો અન્યમા હું ખરાબ જોઈ ન શકું. નિર્બલ ના હોઉ તો હું દુઃખી થઈ શકું નહી. બાળપણમાં જે વસ્તુથી દુઃખ થતું તે વસ્તુથી આજે મને દુઃખ થતું નથી. વેદાંત કહે છે કે દ્રષ્ટા પરીવર્તન પામે એટલે દ્રશ્યમાં પણ પરીવર્તન આવેજ.

આમ જે માણસ પોતાના ઉપર સંયમ રાખતા શીખ્યો છે તેના પર બહારની કશી વસ્તુની અસર થતી નથી. તેને માટે કોઈ ગુલામી રહી નથી. એનું મન મુક્ત થયું છે. આવો માણસ જ જગતમાં સારી રીતે રહેવાનો યોગ્ય છે. જગત વિશે સામાન્ય રીતે

બે પ્રકારના અભિપ્રાય ધરાવતા માણસો જોવામાં આવે છે.

કેટલાક નિરાશાવાદી છે. તેઓ કહે છે આ જગત કેવું ભયંકર છે: 'આ જગત કેવું સુંદર છે, કેવું અજબ છે!' પોતાના મન ઉપર જેમનો કાબૂ નથી તેમની દ્રષ્ટીએ જગત કાં તો દ્રુષ્ટતાથી ભરેલું છે અથવા સારા અને ખરાબનું મિશ્રણ છે. આપણા મનના આપણે માલિક બનીએ ત્યારે આજ જગત આપણને આશાવાદી લાગશે; ત્યારે આપણા પર સારા-નરસાની અસર થશે નહી, સર્વ યોગ્ય સ્થાને જ છે એવું આપણને જણાશે.

જેમ જેમ આપણે પ્રેમ, સદ્‌ગુણ અને પવિત્રતામાં આગળ વધીએ તેમ તેમ આપણે બહાર પ્રેમ, સદ્‌ગુણ અને પવિત્રતા વધારે જોવા લાગીએ. બીજાઓનો તિરસ્કાર કરવામાં વાસ્તવિક રીતે આપણે આપણો જ તિરસ્કાર કરીયે છીયે.

દુનિયામાં વિકાસનું જે જે પગલું ખરેખર લાભદાયી નિવડ્યું છે તે કેવળ પ્રેમથી જ સાધ્ય કરાયું છે. ટીકા કરવાથી કઈ સારું થતું નથી; હજારો વર્ષો સુધી તેની અજમાઈશ કરવામાં આવી છે. તિરસ્કારથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી.

તમે જે કંઈ ભૂલો કરી છે એ બદલ ઘેર જઈને, માથે હાથ મૂકીને, વિલાપ કરશો તો તેનો કશો જ અર્થ સરશે નહીં પરંતુ એ તો તમને વધુ નબળાં બનાવશે. એક ઓરડામાં હજારો વર્ષોથી અંધારું હોય, અને તમે અંદર આવી રડવા માંડો અને ચીસો પાડો તો તેથી શું અંધારું દૂર થશે ? દિવાસળી સળગાવશો તો એક ક્ષણમાં અજવાળું થશે. અરેરે! મેં બહુ જ ખોટા કામો કર્યાં છે, ભયંકર ભૂલો કરી, એમ આખી જિંદગી વિચાર કર્યાં કરવાથી તમને શો ફાયદો થવાનો ? આવું કહેવા માટે કોઈ દૈવીશક્તિની જરૂર નથી. દીપક ઘરમાં લાવો અને ક્ષણમાત્રમાં અંધકાર ગાયબ! તમારા ચારિત્ર્યનું ઘડતર કરો અને જ્યોતિર્મય, ઉજ્જવલ, નિત્ય શુદ્ધ એવી તમારી મૂળ પ્રકૃતિને પ્રગટ કરો અને દરેક વ્યક્તિમાં તેને જાગ્રત કરો.

• • •